# બુદ્ધિપ્રભા


૧૦ માર્ચ ૧૯૬૪

અંક ૫૩

પચાસ નયા પૈસા


5/53

જીવન-સાહિત્ય અને જૈન ધર્મનું સામયિક.



આદીશ્વરનું દેરાસર — દેલવાડા.

તસ્વીરકાર : ડૉ. હરિભાઈ ગોદાણી (અમદાવાદ)



## જ્ઞાનમંદિર

માંડવીની પોળ, ખંભાત.

ઉપાશ્રય એ ફુરસદમાં બે ઘડી ગપ્પા મારવાનો
સચાક ચોરો નથી; જ્ઞાનની એ તો પરબ છે.

તસ્વીરકારઃ-ગોપાલ સ્ટુડીયો (ખંભાત) ★ (પરિચય માટે શાસન સમાચાર વાંચો).

मित्तीमे सव्व भूएषु वेरं मज्झं न केणई।

બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.

# બુદ્ધિપ્રભા




તંત્રી : ઈંદિરા શાહ

સંપાદક : ગુણવંત શાહ

૧૦ માર્ચ ૧૯૬૪

વરસ પાંચ : અંક ૫૩

લવાજમ

રૂા. ૫–૦૦ (ભારતમાં)

૭–૦૦ (પરદેશમાં)

છુટક નકલ પચાસ નયા પૈસા.

કાર્યાલય

C/o ધનેશ એન્ડ કાં.,

૧૯/૨૧, પીકેટ ક્રોસલેન, મુંબઈ–૨.


## પ્રેરણાના પુષ્પ

कृत्याकृत्यं विवेकेन
कर्तव्यं कार्यमेव यद् ।
अुत्तम व्यवहारेण सेव्यं
तत् स्वात्मशर्मदम् ।५९।
कार्यः कदापि नो शोकः
यद्भाव्यं तद् भविष्यति ।
इति मत्वा प्रयत्नेन
प्रवर्तस्व विवेकतः ।६०।

ઉત્તમ વ્યવહારથી તેમજ કૃત્ય અને અકૃત્યના વિવેકથી જે કાર્ય કરવા જેવું હોય તે કાર્ય કરવું. આત્માને આનંદ આપનારું તે કાર્ય કરવું જોઇએ.

પોતાની ફરજ બજાવતાં કદાચ શોકિત થવાનો પ્રસંગ આવી પડે તો પણ તે માટે શોક કરવો નહિ. ઉલ્ટું એમ વિચારવું જોઇએ કે જે બનનાર છે તે મિથ્યા થતું નથી. એ બનીને જ રહે છે.

(આથી હે માનવ!) વિવેકથી પ્રયત્ન વડે (તું) કાર્યમાં પ્રવૃત્ત થા.

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી
(કર્મયોગ શ્લો. ૫૯–૬૦, પાન ૩૭૩–૩૭૪)

# સંપાદકીય

આપણા સમાજમાં બહુમુખી પ્રતિભા ને સર્વતોમુખી સર્જનશક્તિ ધરાવતા લેખકોનો દુકાળ તો છે જ પરંતુ આપણી પાસે ઉત્તમ પ્રકારના સાહિત્યની સૂઝ ધરાવતાં વાચકવર્ગનો પણ દુકાળ છે. સર્વાંગી દુકાળ ને દુકાળ જ છે અને ક્યાંય મીઠી વીરડી પણ નથી એવો કહેવાનો મારો આશય નથી જ પરંતુ જ્યાં સારુય સહરા ધખધખે છે ત્યાં એકાદ ઝરણાં કે એકાદ વીરડીથી સંતોષ લેવો એ તો આપણું અલ્પ સંતોષી માનસ જ બતાવે છે. અને પ્રગતિ વાંચ્છુના રાહમાં અલ્પ સંતોષ એ તેના વિકાસનું પૂર્ણવિરામ છે.

વાચકો સાહિત્ય જગતમાં ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેઓ લેખકને સર્જે છે. તેની સર્જનાને તે સંસ્કારે છે. લેખક તેમજ તેની કૃતિની પ્રતિષ્ઠાને પણ તે જ નક્કી કરી આપે છે, આવું અગત્યનું સ્થાન ધરાવનાર વાચક જ જો સુસ્ત ને ઉપક્ષિત વલણ રાખે તો પછી સારી એવી કૃતિઓ ને સારા એવા લેખકોની અપેક્ષા ક્યાંથી રાખી શકાય ?

આપણા સમાજમાં અનેક પત્રો–સાપ્તાહિક, પાક્ષિક, માસિક વગેરેના ગાળે પ્રગટ થાય છે. પુસ્તકોનું પ્રકાશન પણ દર વરસે થોકબંધ થાય છે. એ તમામમાંથી એકાદ પણ છતર સાહિત્યની હરોળમાં ઊભું રહી શકે એવું એકાદ પણ સામાયિક કે પુસ્તક આપણી પાસે છે ખરું ?

વધારે પાનાના પ્રકાશન એ સાહિત્ય જગતમાં સિદ્ધિનું પ્રમાણ નથી. સાહિત્યની સિદ્ધિ તો નક્કર સર્જનમાં છે. વાસ્તવિક ને સચોટ આલેખનમાં છે. સત્યમ્–શિવમ્–સુંદરમ્ ના ત્રિકોણ આયોજનમાં સાહિત્યની સિદ્ધિનું પ્રમાણ રહેલું છે.

આમ જોતાં આપણા સામયિકો તેમજ આપણા થતાં પ્રકાશનો છતર સમાજમાં આવકારપાત્ર શાથી નથી બનતાં તેનું કારણ શોધવાનો સમય હવે પાકી ગયો છે.

આના માટે જવાબદાર કોઇપણ હોય તો તે આપણા સમાજનો વાચક વર્ગ છે. સર્જક અને પ્રકાશક વર્ગ પણ આમાંથી બાકાત તો નથી જ.

આપણા સમાજનો વાચકવર્ગ એકપક્ષી ને નિષ્ક્રીય છે. તે જે આવે છે તે જ માત્ર વાંચે છે. વાંચ્યા પછી આ વર્ગને કોઈ જ સવાલ નથી થતો.

તેને અમુક ગમ્યું ને અમુક ન ગમ્યું એવું તે પ્રાયે લેખક કે સામયિકના અધિપતિને લખે છે. નિષ્કામ કર્મયોગીઓ સાથે આપણા વાચકવર્ગને સરખાવું તો તે ખોટું નહિ લેખાય.

હું વાચકવર્ગ પર એટલા માટે ભાર મૂકું છું કે તેઓ જે માંગે છે તેવું સામાયિકના અધિપતિઓ પીરસે છે. વાચકોને શું જોઇએ છે એ જ જો તેઓ ન કહે અને મગનું નામ મરી ના પાડે તો અધિપતિઓ પણ શું કરે?

ખરેખર આપણા વાચકવર્ગની આવી સુરત મનોદશા દુઃખદ છે. આપણા સમાજના વાચકો જો એમ ઇચ્છતા હોય કે આપણા સમાજના સામયિકો ઇતર સમાજના સામયિકો જેવા માતબર ને સાહિત્યસભર બને તો તેઓએ આપણા સમાજના સામયિકોના અધિપતિઓને સદાય જાગૃત રાખવાના રહેશે.

યાદ રાખો, કુમાર નવચેતન–સમર્પણ–નવનીત વગેરે સામયિકો આજ જે સ્થિતિ પર છે તેમાં તેમના વાચકોની જાગૃતિનો ઘણો મોટો હિસ્સો છે.

તેઓ તે તે માસિકો વાંચીને તેમાંની કૃતિઓ વિષે, તેના લેખકો વિષે, તેના વિભાગો વિષે નીડર અને ઉચિત એવી ભાષામાં પત્રો લખે છે ને પોતાના ગમા–અણગમા જાહેર કરે છે, 'ચર્ચા ચોરો' 'ખુલ્લે બારણે' 'ગોષ્ઠી' વગેરે જુદા જુદા પત્રોના આ વિભાગો વાચકોની સજાગતા બતાવી જાય છે.

આપણા સમાજના સામયિકોના અધિપતિઓ પણ આવી કટાર ચાલુ કરી શકે પરંતુ તેના વાચકો એવું કંઈ લખી મોકલે તો ને? વાચકો જો એટલો સક્રિય રસ લઇને થોડો લખવાનો સમય કાઢે તો મને તો જરૂર આશા છે કે આપણા સામયિકો મોડે મોડે પણ ઇતર સાહિત્યની હરોળમાં ઊભા રહી શકશે.

**'બુધ્ધિપ્રભા'** તેના માનવંતા વાચકોને એવા પત્રો લખવાનો અનુરોધ કરે છે. **'બુદ્ધિપ્રભા'** માં આવતી સાહિત્ય સામગ્રી વિષે આપનો, અમારી જરાય શરમમાં રહ્યા વિના ઉચિત ભાષામાં નીડરપણે આપનું મંતવ્ય લખી મોકલવા સૌને નિમંત્રણ આપે છે. આશા રાખું છું **'બુદ્ધિપ્રભા'** ના વાચકો જાગૃત બનીને મને જાગૃત રાખશે જ.

(અધિપતિઓના તેમજ પ્રકાશકોની જવાબદારી વિષે આગામી અંકમાં ચર્ચા કરીશ.)

# 'બુદ્ધિપ્રભા'નું લવાજમ અહીં ભરો

શ્રી મેઘરાજ પુસ્તક ભંડાર
ગોડીજી ચાલ,
**મુંબઈ ૨.**

શ્રી જયકુમાર શાંતિલાલ દંતારા
૧૨/૧૬, ત્રીજો ભોયવાડો,
**મુંબઈ ૨.**

શ્રી બાબુલાલ પોપટલાલ
૮૯, ત્રાંબાકાંટા,
**મુંબઈ ૩.**

શ્રી શાંતિલાલ જગાભાઈ
C/o શાંતિચંદ્ર સેવા સમાજ,
હાજા પટેલની પોળ,
**અમદાવાદ.**

શ્રી અરવિંદકુમાર ચીમનલાલ
૧૫૨૩/૪ નાની વાસણ શેરી,
પંચશીલ હાઈસ્કુલ સામે,
સરસપુર, **અમદાવાદ.**

શ્રી નાગરદાસ અમથાલાલ મહુડીવાળા
જૈન સોસાયટી,
એલીસબ્રીજ, **અમદાવાદ.**

શ્રી શાંતિલાલ મોતીલાલ
C/o માધંમ વીર મંડળ,
૧૨૨૪, બ્રહ્મપુરી પોળ,
રાજા મહેતાની પોળ,
**અમદાવાદ.**

શ્રી ચંદુલાલ એમ. પરીખ
ગુસા પારેખની પોળ,
દેરાસર પાસે, **અમદાવાદ.**

**બુદ્ધિપ્રભા**

શ્રી કાંતિલાલ રાયચંદ મહેતા
બજારમાં,
**સાણંદ.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજી જ્ઞાન મંદિર
બજાર, **વિજાપુર** (ઉ–ગુ.)

શ્રી હરજીવનદાસ હુકમીચંદ
(સંગીતકાર)
તા. પાલનપુર મુ. **વડગામ**

શ્રી ચીમનલાલ ઊનાવાવાળા
C/o મહુડી શ્વે. જૈન કારખાના,
**મહુડી**
(તા. વીજાપુર ઉ–ગુ.)

શ્રી અમૃતલાલ વાડીલાલ
જીરાળાપાડો,
**ખંભાત.**

શ્રી સુરેશચંદ્ર
C/o શ્રી કનૈયાલાલ ચીનુભાઈની કું.
બારદાનના વેપારી
આવડી બજાર, **પેટલાદ.**

શ્રી કનુભાઈ ઈન્દુલાલ
C/o શ્રી નગીનદાસ છોટાલાલ
મહાત્મા ગાંધીરોડ, **વડોદરા.**

'**બુદ્ધિપ્રભા**' કાર્યાલય,
C/o ધનેશ એન્ડ કું.,
૧૯/૨૧, પીકેટ ક્રોસલેન,
સ્મોલકોઝ કોર્ટ પાસે, **મુંબઈ ૨.**

## ચિંતન કણિકા

મેં એને પૂછ્યું: 'સત્ય ને હકીકત વચ્ચે તફાવત શું છે?

ત્યારે એણે જવાબ આપ્યોઃ—

"જ્યારે તું એક સ્ત્રીને–એ તેના બાપની વહુ છે એમ કહી ઓળખાવે છે ત્યારે તું હકીકત કહે છે પરંતુ જ્યારે એ જ સ્ત્રીને–એ એના સંતાનની મા છે. એમ કહી ઓળખાવે છે ત્યારે તું સત્ય કહે છે."

સત્ય સુંદર ને પ્રેમપૂર્ણ છે જ્યારે હકીકત? નિષ્ઠુર, નિર્દય અને પ્રેમહીન છે.

*

રાહમાં ગુસ્સાના આંસુ હોય છે, વિરહમાં વ્યાકુળતાના.

*

એ દૃશ્ય જ્યારે જ્યારે મેં જોયું છે ત્યારે ત્યારે મારી એક આંખ સમાજની ખોટી અને દંભી સહાનુભૂતિ પર કરુણાથી હસી છે, અને એ જ પ્રસંગે મારી બીજી આંખ વેદનાથી રડી ઊઠી છે.

કે જ્યારે લગ્ન પછીની સગર્ભાને એ પ્રેમથી સંભાળે છે અને લગ્ન પહેલાની કોઈ કુમારી સગર્ભાને એ ધિઃક્કારે છે!

*

માનવ ભંગાર ટુકડાઓનું એક ખંડેર સર્જન છે. આથી જ તો ક્યારેક એ દેવ લાગે છે, ક્યારેક માનવ અને ક્યારેક તો પશુથી યે પશુ......

*

રોજ દિવ્ય ને શાંત જણાતું મંદિર આજ સૂનું અને ભેંકાર લાગતું હતું

મેં તપાસ કરી, આમ શાથી?

જોયું તો જીવનમંદિરમાંથી શ્રદ્ધાની મૂર્તિ ખંડેર પડી હતી!!

*

બળવાખોર કહેશેઃ–'બાળો'

જ્યારે ક્રાંતિકારી તો કહેશેઃ–બાળો નહિ, બદલો."

—ગુણવંત શાહ

## સમાજ, યોગ ને અધ્યાત્મને સ્પર્શતા

# ગુરુદેવના પત્રો

અમદાવાદ,
જેઠ વદી અમાસ, ૧૯૬૮

સુશ્રાવક ભાઈ ધર્મસિંહ પુરુષોત્તમ,
યોગ્ય ધર્મલાભ.

તારો પત્ર મળ્યો તે ઉપર લક્ષ્ય દેવાશે, વિચારાશે, સુધારો કરાશે પછી તો જેવી ભવિતવ્યતા.

જે ઉદ્દેશથી કાર્યનો પ્રારંભ કરવામાં આવે છે તે ઉદ્દેશ લક્ષ્ય બહાર જવાથી ધારેલું કાર્ય પરિપૂર્ણ સિદ્ધ થતું નથી. જે જે બનાવો બને છે તે નવીન અનુભવનું શિક્ષણ આપીને જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. જે વસ્તુની હસ્તિ જે જે કારણો વડે થઈ હોય છે તે કારણો વડે તે જાતનું પ્રયોજન સિધ્ધ થતું નથી ત્યારે તે વસ્તુની તે રૂપે હસ્તિ રહેતી નથી તેમજ અન્ય રૂપે તેનું પરિવર્તન મોડું વહેલું થયા વિના રહેતું નથી. આ પ્રમાણે કુદરતનો નિયમ સદાય અવિચળપણે ચાલ્યા કરે છે.

સંસ્થાઓ ચલાવનાર લાયક મનુષ્યોની હજુ આપણામાં ખોટ છે. ગુરુકુળની સંસ્થા વિના જૈન કોમમાં નવીન ચૈતન્ય જાગૃત થવાનું નથી. રૂપાંતરે પણ ગુરુકુળ સંસ્થા જેવી સંસ્થા ઊભી કર્યા વિના આપણો ઉદય નથી.

નવીન યુગના બાળકો !

હવે તમે નવીન યુગ પ્રવર્તક ગુરૂકુળ સંસ્થા વિગેરેના સદ્દવિચારો ફેલાવો.

યથાશકિત મેળવેલી શકિતઓનો સદુપયોગ કરો.

આજથી પચાસ વરસ પછી થનારી પ્રજા ગુરુકુળના જેવી અન્ય સંસ્થાઓથી પોતાની ઉન્નતિ કરી શકશે તેના માટે આજે જ સદ્દવિચારો ફેલાવો !

મહાન કાર્યો કરવા માટે માનવજન્મ છે. તો હે યુવાનો ! તમે ઉદયના કાર્ય કરો. ઓમ્ શાંતિ :

લી૦ બુદ્ધિસાગર

પેથાપુર,
તા. ૧૬-૭-૧૯૧૫

વૈરાગ્યાદિ ગુણાલંકૃત મુનિશ્રી

અજીતસાગરજી વગેરે

યોગ્ય અનુવંદના; સુખશાતા.

લખેલ પત્રથી હકીકત જાણી. જે માટે તમે લખ્યું તે માટે તમે જે કંઈ ઉપયોગ કરવા ઈચ્છતા હોય તે કરશો.

સમય વિચિત્ર છે. રૂઢિ પ્રમાણે પ્રવર્તવું એ સર્વથા યોગ્ય છે કે અયોગ્ય અને તેથી શું લાભ દેખવામાં આવે છે તેનો હૃદયમાં વિચાર કરવો જોઈએ.

નકામા ખર્ચ કરાવવાથી સ્વપરનું મહત્ત્વ નથી. જમાનો, સ્થિતિ, અને ભાવ વગેરેનો વિચાર કરવામાં ન આવે અને રૂઢિ પ્રમાણે કાને કાનો કરાવવામાં આવશે તો તે સદા નભશે નહિ.

શ્રાવકોનું કાર્ય શ્રાવકોને માથે છે, તેઓ ગમે તેમ કરે તેમાં આપણે લાંબુ પેસવાની જરૂર નથી. આપણે તો આપણા આત્માનાં ઉપયોગમાં રહેવું.

રાજા-રાણીઓએ હવે ખર્ચ ઘટાડવાં માંડયાં છે તો જૈન સાધુઓ શ્રાવકોના માથેથી ખર્ચનો બોજો ઓછો કરી, તેમની ઉન્નતિ નહિ કરે અને બાહ્ય ધામધૂમમાં પોતાની મહત્તાને સંઘની મહત્તા માની લેશે તો ઉન્નતિના બદલે અવનતિનું જ બીજ રોપાશે. જેના જેવા ભાવ. પણ જેમ ખર્ચ ઓછો થાય અને જેમાં ખર્ચવાનું છે તે બતાવવામાં આવશે તો જ જૈન ધર્મની ઉન્નતિ થશે.

સત્ય દ્રષ્ટિ અને આત્મહિત એ શાસનહિત છે એમ વિચારી વિવેક પ્રમાણે કાર્ય કરવું. પરમાં પડવું નહિ. સાધ્ય દ્રષ્ટિને ધ્યાનમાં રાખીને ઉપયોગ પૂર્વક કાર્ય કરવાની જરૂર છે.

ધર્મ સાધન કરશો. ઓમ્ શાંતિ. —બુદ્ધિસાગર



અરુણ અ. પંડયા.

# વીજનાં અંધારાં

આ માસની સમાજ કથા

બિચારો રાજેન !

એના પર આસમાન તુટી પડયું. ભર જવાની પર જીવલેણ રોગે ક્રૂર આક્રમણ કર્યું,

નિ:સહાય રાજેન !

પરાણે ઘેર બેઠો. અને મોત સાથે ઝઝુમી રહ્યો.

નિરાશાની મેલી જિંદગીમાં એને એક જ આશા ચમકતી દેખાતી હતી.

પ્રોવીડન્ટ ફંડમાં એ મોતના જડબામાં દબાયેલી જિંદગીનો ઉગાર દેખતો હતો. પણ હાય સુલતાની !

સરકારની બેઢંગ તુમારશાહીએ રાજેનને જીવતો સળગાવી દીધો !!!

કાલ્પનિક વાર્તામાં આપણી લોકશાહીના અંધારા ઉચેલતી શ્રી પંડયાની આ વીજના અંધારાં વાંચવાનું રખે ચૂકતા.

—સંપાદક.

વર્ષાનાં ફોરાં ધરતીને ભીંજવી રહ્યાં હતાં. રાત્રીનું આકાશ કાળાં વાદળાંઓથી ઘેરાયેલું હતું. મેઘનો એક જબરો કડાકો થયો ! વીજ ચમકીને વિલીન થઈ ગઈ ! બારી બહાર શૂન્યમાં તાકી રહેલી સુષમાની નજર ક્ષણભર ચમકીને અદૃશ્ય થઈ જતી એ વીજને જોઈ રહી. એક ઝગકાર !......બીજો ચમકાર !...ત્રીજો ચમકાર !......અને પાછળ ધસી આવતો અંધકાર !

અને સુષમા એકાએક એ બારી પાસેની આરામ-ખુરશીમાં આંખો મીંચીને બેસી ગઇ. એ વિચારી રહીઃ પોતાના જીવનમાં પણ આ વીજ ચમ-

કાર શો પ્રકાશ હતો, સુખ હતું, શાંતિ હતી. રાજેન ઉચ્ચ સરકારી હોદ્દો ધરાવતો હતો. જીવન સરળતાથી વહ્યું જતું હતું...ત્યાં...ત્યાં તો આવો જ એક કડાકો થયો! દારૂણ રોગરૂપી વર્ષાએ રાજેનનું શરીર ભરખી લીધું અને સુખ તથા શાંતિ હમણાં જ વિલીન થઈ ગયાં!

એટલામાં તો પાસે જ ખાટલામાં સૂતેલ રાજેનનો તૂટક અવાજ સંભળાયોઃ "પૈસા આવ્યા?"

સુષમા ચમકીને ઊભી થઇ. રાજેનના સ્વરમાં ભારોભાર અશકિત તરી આવતી હતી. જીવલેણ રોગ સામે ટક્કર ઝીલતાં ત્રણ વર્ષનો ચઢેલો થાક અને કંટાળો હતાં.

સુષમા તેની પાસે આવી. રાજેને ફરી પૂછ્યુંઃ "પૈસા આવ્યા?"

ક્ષણભર સુષમા ગૂંચવણ અનુભવી રહી–શો જવાબ આપવો તેની વાસ્તવિકતા અને કલ્પના વચ્ચે તેના મને ગડથોલિયાં ખાવા માંડયાં.

"સુષમા! પૈસા આવ્યા?" ફરી સુષમાને કાને એ જ પ્રશ્ન અથડાયો.

"હા, આવી ગયા." કહી બીજી જ ક્ષણે તેણે સ્વસ્થતા મેળવતાં કહ્યુંઃ તમે શા સારુ એની ચિંતા કરો છો? તમેતમારે આરામ કરો. ચાલો, દવાનો વખત થઇ ગયો છે. પી લો!"

ક્ષણભર ઓરડામાં ચૂપકીદી ધસી આવી, પછી ક્ષીણ સ્વરે રાજેને કહ્યુંઃ "કંઇ નહિ, મને નહિ તો તને ય કામ આવશે."

દવા કાઢતી સુષમાના હાથમાંની શીશી ધ્રુજી. એક ક્ષણ સુષમા રાજેન સામે ટીકી રહી. આમ બેધ્યાન બનતાં ટિપોય પરનો પ્યાલો ભોંયે પડયો. ટીકી રહેલી નજર રાજેન પર મંડાઇ રહી. એ દૃષ્ટિમાં શૂન્યતા હતી, કારુણ્યની ઝાંખપ હતી.

સુષમા ખોટું જ બોલી હતી–સ્નેહને કારણે ખોટું બોલવું પડયું હતું. રાજેનને આઘાત ન પહોંચે એ માટે છલના કરવી પડી હતી.

પછી ચૂપચાપ સુષમાએ રાજેનને દવા પીવડાવીને સૂવાડી દીધો,

ફરી એ આરામ ખુરશીમાં ફસડાઇ પડી. ફરી એને બારી બહારની ઝબૂકતી વીજ યાદ આવી તેમ જ એની પાછળ ધસી આવતો અંધકાર પણ યાદ આવ્યો. એ એક આછી કંપારી અનુભવી રહી.

વીજનાં અજવાળાં!

તેની સ્મૃતિ જાગી ઊઠી! પચ્ચીસ વર્ષ પહેલાં વીજના અજવાળાં સરખું જ અજવાળું હતું! કોલેજની લાયબ્રેરીમાં રાજેન જોડે પોતાનો પ્રથમ પરિચય થયેલો. કેવો નિખાલસ અને

સાલસ સ્વભાવનો હતો એ ? પુસ્તકોમાં એ રચ્યોપચ્યો રહેતો. કોલેજની કેન્ટીનમાં સુષમાને શેક્સપીઅરનો કોઈક ફકરો સમજાવતો. સાંજે ફરીને પાછાં વળતી વખતે કદીક કદીક ચાંદની રાતે તે સુષમા સમક્ષ કીટ્સ, શેલી કે બ્રાઉનીંગનું કાવ્ય વાંચી સંભળાવતો. કોઈકવાર તેઓ કાલિદાસ કે ભવભૂતિની કૃતિની ચર્ચામાં ડૂબી જતાં.

સમય જતાં કાર્લ માર્કસના અધ્યયનથી રાજેનમાં નવા વિચારોનો સંચાર થયો. રાજેન એ વિશે બસ બોલ્યા જ કરતો અને સુષમા શાંતિથી સાંભળી રહેતી. રાજેનની આશાભરી સૃષ્ટિને તેણે કદીયે દલીલો કરીને વેરાન બનાવી નહોતી. રાજેનને પ્રમાણિકતાથી અને સિદ્ધાંતપૂર્વક ઉન્નત જીવન જીવવાના કોડ હતા. ઉત્તમ નાગરિક બનવાની અને કાર્યરત રહેવાની તમન્ના જાગી હતી. જીવનને એ કોઈ જુદા જ દૃષ્ટિકોણથી નિરખતો અને એવું જીવન ઘડવા યત્ન કરતો. સાહિત્ય જગતમાં યે તેણે એટલા જ ઉત્સાહથી પ્રવેશ કર્યો હતો. કોલેજની કોઇ પણ ચર્ચા સભા એના વિના યોજાતી નહિ. અગ્રગણ્ય માસિકોમાં તેના ચિન્તનશીલ લેખો આવતા. આમ આશાનું ભાથું લઇને પુરુષાર્થથી સિદ્ધિ પામવા તે ધીમાં પણ મક્કમ ડગ ભર્યે જતો હતો.

સુષમાની નજર ફરી અવકાશમાં પરોવાઈ ગઈ. રાત ઘેરાઈ હતી. અંધકારના પાલવમાં ધરતી લપાઈને નિદ્રાને ખોળલે પડી હતી. વર્ષા ચાલુ હતી. પવનલહરીઓ એની લટો જોડે ગેલ કરી રહી હતી. એ લહેરખીઓ જોડે ઘસડાઈ આવેલી ચમેલીની સુવાસ અને માદકતા સુષમાને સ્પર્શી ગયાં.

પચ્ચીસ વર્ષ !

એ સમયનું જીવન ઉલ્લાસ અને ઉમળકામાં વહી ગયું. દિલ જુવાન હતાં, ઊર્મિઓ જુવાન હતી. પ્રેમના એ વિશ્વ–ગીતને કંઠમાં સમાવી લેવાનો એઉને હૈયે થનગનાટ હતો. જીવનમાં વસંત પ્રગટી હતી. આનંદ અને અરમાનોની આકાંક્ષા જન્મી હતી.

રાજેન ઊંચો સરકારી હોદ્દો ધરાવતો હતો. સારો પગાર હતો. સુખ અને સાહ્યબી હતાં.

પણ ત્યાં એકાએક વીજ ત્રાટકી. રાજેન જીવલેણ રોગમાં પટકાયો. પૈસાની બરબાદી અને શરીરની ખુવારી વધતાં જ ચાલ્યાં. જીવનનૌકા ઝોલાં ખાવા લાગી. કુમળા છોડ પર જાણે અંગારા વરસ્યા !

અને અંતે રાજેનને ફરજિયાત પેન્શન લેવું પડયું. એના રોગે વધુ ઉગ્ર સ્વરૂપ લીધું. મોંઘી દવાઓમાં તેની રહીસહી બચત વપરાવા માંડી. હોસ્પીટલનો ખર્ચ ન પોસાય એવી

સ્થિતિ આવી ઊભી. એથી ઘેર રહી ઉપચારો જારી રાખ્યા. આવક રહી નહીં અને દવા દારૂમાં પૈસો ખર્ચાતો જ ચાલ્યો. પરિણામે પોતાના પ્રોવીડન્ટ ફંડનાં નાણાં માટે તેને અરજી કરવી પડી. જે નાણાં પર સુષમાની બાકીની જિંદગી નિર્ભર હતી તે નાણાંની લાચારીએ તેણે માંગણી કરવી પડી.

"સુષમા!"

ફરી રાજેનનો અવાજ સંભાળતાં તે ઉતાવળે એના ખાટલા તરફ ગઇ. રાજેન ઉધરસના ગોટામાં વળી પડયો. સુષમાએ પાણીનો પ્યાલો ભરીને રાજેન સમક્ષ ધર્યો. પછી એ ખાટલા પર બેસી ગઈ. અચાનક એનો હાથ રાજેનના શરીરને અડી ગયો. શરીર ધગધગી રહ્યું હતું! સુષમા તરત ઊભી થઇ અને થર્મોમીટર કાઢીને રાજેનના મોંમાં મૂકયું.

એકસો ચાર!

સુષામાએ રાજેનને દવાનો એક ડોઝ આપ્યો. એની ઉધરસ કંઇક શાંત પડી. સુષમા ત્યાં શાંત બેસી રહી.

ફરી સુષમાની સ્મૃતિ સળવળી ઊઠી.

એક સવારે રાજેન કપડાં પહેરીને ઓફિસે જવા તૈયાર થયો હતો એ દશ્ય એની દષ્ટિ સમક્ષ ખડું થયું. કપડાં પહેરીને "ડાઇનીંગ ટેબલ" પર જઈ બેઠેલો રાજેન એને દેખાયો.

સુષામાએ જાણે કહ્યું: "આજે ઓફિસે ન જાઓ તો? કાલે રાતે ચાર તાવ હતો ને અત્યારે પાછા તમે જવા તૈયાર થઈ ગયા! હમણાં હમણાંમાં તમે શરીર તરફ ઘણા બેદરકાર રહો છો."

"ના, આજે તો મારે ગયા વિના ચાલે એમ નથી. આજે ખૂબ જ અગત્યનું કામ છે. વળી મારી બધી રજાઓ પણ પૂરી થઈ ગઇ છે." કહીને રાજેન ચાલ્યો ગયો.

અને પછી તો તાવલે શરીરે ઓફિસ જવા રાજેન ટેવાઈ ગયો. તાવ ઘર ઘાલી બેઠો. બીજા રોગોના ફણગા પણ એમાંથી ફૂટવા લાગ્યા. શરીર ઘસાવા માંડયું.

અને પચીસ વર્ષ પહેલાંની એક સાંજ સુષમાની કલ્પનામાં ખડી થઇ:

સુષામા રસોડામાં ચા બનાવી રહી હતી. ત્યાં બારણા પરની 'કોલ-બેલ' રણકી ઊઠી. સુષમાએ બારણું ઊઘાડયું. એની સામે વેપારી જેવો લાગતો કોઈ માણસ ઊભો હતો.

"રાજેનભાઇ ઘરમાં છે? અંગતુકે પૂછ્યું.

"ના, હજી ઓફિસથી નથી આવ્યા. પણ બેસોને, આજે વહેલા આવવાનું કહી ગયા છે એટલે કદાચ થોડી વારમાં જ આવે,"

પેલા ગૃહસ્થને સુષમાએ ઘરમાં બેસાડયા એટલામાં જ રાજેન આવી પહોંચ્યો. તેણે અને પેલા ગૃહસ્થે સાથે બેસીને ચા પીધી.

"રાજેનભાઇ ! કેમ ઓફિસમાં બહુ કામ રહે છે ?"

"એ તો ચાલ્યા કરે. છાશવારે ને છાશવારે બદલાતા કાયદાઓ કામમાં વધારે ગૂંચ ઊભી કરે છે. કામનો નિકાલ તો કરીએ. પણ કાયદા સમજવા અને એને કામમાં લગાડવા—એ રીતે કામ બમણું થઈ જાય છે."

"હવે સાહેબ ! અમારું કામ પતાવી આપો તો સારૂં."

"એ તો જે પ્રમાણે થતું હશે તે પ્રમાણે જ થશે. એમાં ઉતાવળ ન ચાલે."

"તો સાહેબ ! ચોપડા લઇને કાલે ઓફિસે આવી જઇશ. આ રાખો, સાહેબ !" કહી વેપારીએ સો–સોની ત્રણ નોટો રાજેન પાસે મૂકી દીધી.

"જૂઓ ભાઇ! એ બધું મારી પાસે નહિ ચાલે. કાયદા પ્રમાણે થતું હશે તે થશે." કહી રાજેને નોટો પાછી આપતાં ઉમેર્યું: "લાંચરૂશ્વત લેનાર અને આપનાર બેઉ તરફ મને જબરો તિરસ્કાર છે. ફરી કદી મહેરબાની કરીને આવો પ્રયત્ન ન કરશો."

રસોડામાંથી સુષમા આ બધું સાંભળી રહી હતી.

વેપારી નોટોને પોતાના ગજવામાં પાછી મૂકીને ચૂપચાપ ચાલ્યો ગયો.

એટલામાં તો કલ્પનાતંદ્રામાં ડૂબેલી સુષમાને કાને અવાજ પડયોઃ સુષમા!"

સુષમા તરત ઉતાવળે પગલે રાજેનના ખાટલા તરફ ગઈ અને ખાટલા પર બેસી ગઇ.

"હવે કેમ છે તમને ?"

"સુષમા ! પૈસા તો આવ્યા નહિ ને !"

"આવી ગયા છે. તમે શું કામ ચિંતા કરો છો તમે આરામ કરો ને !"

"આરામ હવે કયાં છે ?" ફિક્કુ હાસ્ય વેરતાં રાજેને કહ્યું.

સુષમા સાંભળી રહી. પોતે ચલાવેલા જુઠાણાનો વિચાર કરતાં આંખમાં આંસુની ભીનાશ છવાઈ ગઇ. વર્ષો સુધી તન અને મનની દરકાર ન રાખતાં રાજેને ઇન્કમટેકસ ખાતાની સેવા કરી હતી. પણ એ સેવાની હજી સુધી કદર નહોતી થઈ. અરે ! કદર કયાં ઇચ્છી હતી ? ફક્ત જેને મળતાં વાર લાગવાની હતી એ 'પ્રોવિડન્ટ ફંડ' વહેલું જોઇતું હતું. પણ એ ન આવ્યું એટલું જ નહિ પણ એ માટે કરેલી અરજીનો જવાબ પણ હજી સુધી ન આવ્યો ! સુષમાને લાચારીએ ખોટું બોલવું પડયું હતું. અંતરમાં તો એ એને ખૂંચતું હતું

પણ મરણપથારીએ પડેલા રાજેનના આત્માને છેક છેલ્લી ઘડીએ દુઃખ ન પહોંચે એ ખાતર જ એ જૂઠું બોલી હતી.

આંખમાંની આંસુની ભીનાશ અશ્રુનાં ફોરાનું રૂપ લેવા પ્રયત્ન કરવા લાગી. પણ રાજેન જો એ અશ્રુ જોશે તો દુઃખી થશે એ વિચાર આવતાં મોં ફેરવીને તેણે આંખો લૂછી નાખી અને રાજેન તરફ જોયું.

રાજેનના દેહની બધી શક્તિ ઓસરતી જતી હતી છતાં એણે મથામણ કરીને સુષમાને કહ્યું: 'સુષમા ! પાણી આપ !"

સુષમા પાણી લેવા ઊઠી. રાજેને પાણી પીધું. સુષમા થોડી વાર ત્યાં બેસી રહી. રાજેનની આંખો બીડાઈ ગઇ હતી. સુષમાએ તાવ માપવા એને ઢંઢોળ્યો પણ એ બેશુદ્ધિમાં પટકાયો હતો.

સુષમાએ તરત નર્સને બૂમ મારી. દવા કાઢતી નર્સ શીશી ત્યાં જ મૂકીને દોડતી આવી. ડોકટરને ફોન કર્યો થોડી વારે ડોકટર આવ્યા, ઇલાજ કર્યા, પણ નિષ્ફળ ગયા. અંતે ઓકસીજન (પ્રાણવાયુ) મંગાવવામાં આવ્યો અને તે આપ્યો ત્યારે બહુ જ મુશ્કેલીએ રાજેનને શુદ્ધિ આવી. શુદ્ધિ આવતાં જ એ ડોકટરને, આજુ-બાજુ ભેગા થયેલાંઓને અને સુષમાને જોવા લાગ્યો.

ક્ષણભર એણે સુષમાની આંખમાં આંખ પરોવી નિસ્તેજ હાસ્ય વેર્યું. પછી તેની આંખો ઢળી પડી. ડોકટરે ધીમે રહીને હાથ નીચો મૂકી દીધો.

જીવતરની સર્વ ક્ષણોનું સૌંદર્ય એક ક્ષણે હરી લીધું ! રોશની બૂઝાઈ ગઇ !

સુષમા ચોધાર આંસુએ રડી. એની આંખો આ દશ્ય જોઈ શકતી નહોતી. આંખે જોવા છતાં જે બન્યું એ હૃદય જાણે કબૂલતું નહોતું !

અને રાજેન એક ખોટા આશ્વાસન સાથે જીવનની સફર સંકેલીને ચાલ્યો ગયો.

અગ્નિસંસ્કાર પતી ગયા પછી એકાન્ત ઘરમાં સુષમાને રાજેનની એ શેષ દૃષ્ટિ અને એ શેષ નિસ્તેજ હાસ્ય યાદ આવ્યાં અને એની આંખના ખૂણા પલળી રહ્યા. ભીષણતા ખાવા ધાતી હતી, નિઃશબ્દતા ઘેરી વળી.

વર્ષા કયારનીય થંભી ગઈ હતી. સવાર થઈ ચૂકી હતી. પછી બપોર થવાની વેળા આવી તો ય સુષમા એમ ને એમ શૂન્યમનસ્ક બેસી જ રહી. બેસી જ રહી !

ત્યાં ટપાલીની સાઇકલની ઘંટડી સંભળાઈ. રાજેનનું નામ સંભળાયું. એક ક્ષણ બારણું ખુલ્યું. ટપાલીએ સુષમાના હાથમાં એક કવર મૂકયું સાડલાના છેડા વતી આંખ લુછી સુષમાએ કવર ફોડયું એનું હૈયું ધડકવા લાગ્યું. એ પત્રમાંના શબ્દો જાણે વિશાળ કંટક-ઝુંડનું રૂપ લઈ એની સમક્ષ નાચી રહ્યાઃ

"તમારી અરજી મળી છે. તમારી માગણી પર વિચાર કરવામાં આવશે."

★

કુમારપાળ વી. શાહ
( વીજાપુરવાળા )

# માતાનું જગતમાં સ્થાન

[ દાંપત્ય એ સ્ત્રીનું રૂપ છે; માતૃત્વ એ એનું સૌન્દર્ય.

માતૃત્વના અપરિહાર્ય સૌન્દર્યની દર્શન ઝાંખી કરાવી જતો લેખ એટલે જ–જગતમાં માતાનું સ્થાન. —સંપાદક ]

વિશ્વમાં નારીનું સામ્રાજ્ય યુગોના યુગોથી ચાલતું આવે છે. પહેલાં પુત્રી હોય પછી પત્ની અને પછી માતા બને છે. જગતમાં માતાનું સ્થાન ઉચ્ચ છે. પૂજનીય છે. અજોડ અને અસામાન્ય છે. માતાના વાત્સલ્ય પાસે વિશ્વભરની દરેક વસ્તુઓ તુચ્છ લાગે છે. અમૃત પણ માતાના સ્નેહ પાછળ ફીકકું લાગે છે. ગંભીર એવો સમુદ્ર પણ માતાની ગંભીરતા આગળ હિસાબમાં નથી. પૃથ્વીનું શીરછત્ર ગણાતું આકાશ અનંત છે તેમ માતાની મમતા પણ અનંત છે. માતાનું હૃદય સમસ્ત સંસારના માનવ હૃદય કરતાં કંઇક જુદું જ હોય છે. સકળ વિશ્વની દયા, ભાવનાનો ભંડાર, સંસારભરનો પ્રેમ, દુનીયાનું મમત્વ એ બધું જો કોઇ એક જ સ્થળે જોવામાં આવતું હોય તો તે માતૃત્વ-વત્સલ હૃદયમાં જ. ખરેખર જે કહેવાય છે કે 'મા તે મા ને બીજા બધા વગડાના વા' તે યથાર્થ જ છે.

માતાનો ઉપકાર પોતાના બાળક પર ઘણો જ હોય છે. પોતાના પુત્રને તે જ્ઞાન, ધ્યાન ને સંસ્કારથી ભરપુર બનાવે છે, નીતિનાં સૂત્રો શીખવે છે, વ્યસનોથી દૂર રાખે છે, દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે પ્રીતી કરાવે છે, માટે જ કહેવાય છે કે "Mother is the main teacher of the child" અને "one mother beter than

hundred teachers." માતાની ફરજ સુર્ય ચંદ્ર જેવી છે. સુર્ય તેજમય બને છે. સખત ગરમી આપે છે. માતા પણ પુત્ર જો અનુચીત કાર્ય કરે ત્યારે સુર્ય જેવી ઉગ્ર બને છે. ચંદ્ર જેમ ઠંડક અને શીતળતા આપે છે તેમ પ્રેમના બે શબ્દો વડે શિખામણ અને માર્ગદર્શન આપે છે, અને મનુષ્યને માનવ બનાવવામાં મુખ્ય ફાળો માતા જ આપે છે. નેપોલિયન કહે છે કે "કોઈપણ બાળકની ભાવિ ઉન્નતિ અથવા અવનતિનો આધાર તેની માતા પર જ છે, હું મારી કર્તવ્યનિષ્ઠા અને ધર્મ માતાના ખોળામાંથી શિખ્યો છું." માતા પોતાના બાળક માટે નવ નવ માસ સુધી અસહ્ય દુઃખો સહન કરે છે. તેનો પ્રેમ નિસ્વાર્થ હોય છે. ગરીબ માતા પોતાના બાળક માટે ભુખે રહી, દળણું દળીને પણ તેનું મુખ મીઠું કરાવે છે. ભીનામાંથી સુકામાં સુવાડે છે. નાનામાંથી મોટા કરે છે. સંસ્કારનું સિંચન કરે છે. અને કેળવણી આપે છે. આવા અનુપમ કાર્યોનો બદલો આપણે અનેક કાર્યોથી કે જીવનભર તેની સેવા કરવાથી પણ વાળી શકીએ તેમ નથી.

આવી જગતની અનુપમ વ્યક્તિ એક માતા જ છે. મને તો લાગે છે કે પ્રભુ પછી માનવા અને પુજવાલાયક હોય તો તે માતા જ છે. મહાતપસ્વી, ક્ષમામૂર્તિ ભગવાન મહાવીરસ્વામી તો ગર્ભમાંથી જ માતાના આ મહાન કાર્યનો, ઉપકારનો બદલો વાળવાનું નક્કી કરે છે. અને તે માટે પોતાની જનનીને જરાપણ સહન ન કરવું પડે તે માટે હલનચલન બંધ કરી ફરજ માટેનો અજોડ, અદ્ભૂત અને આનંદજનક અમલ શરૂ કરે છે.

એક કવિએ ખરેખર કહ્યું છે કે,—

"માબાપ કરતા જે હુકમ,
તે હાથ જોડીને સાંભળે;
પછી પ્રીતથી ને રીતથી,
આજ્ઞા ચઢાવે શીર પરે;
માબાપના હુકમો બજાવે,
હૃદયથી તે દીકરા;
બાકી બીજા બધા ભાંગેલ,
કાચા હાંડલાના ઠીકરા."

આજે જે લોકોને માન અપાય છે, તેમને અભિનંદનપત્રો અર્પણ થાય છે. તાળીઓથી વધાની લેવાય છે, તેઓ તેમની માતાને તો ભાગ્યે જ યાદ કરતા હોય છે. આ તાળીઓનું કારણ માતા સિવાય બીજું કંઈ હોતું નથી.

પ્રેસિડેન્ટ ગાર્ફીલ્ડે—પોતાનો હોદ્દો લીધા પછી સૌથી પહેલું કામ પોતાની વૃદ્ધ માતાને 'નમન' કરવાનું કર્યું હતું.

માતાપિતાને માટે જે જે સહન કરવું પડે, વેઠવું પડે તે હસતે મોઢે અને ફરજ ગણીને જ કરવું જોઇએ. મને એક ફિલ્મની પંક્તિઓ આ સમયે યાદ આવી જાય છે.

"દુઃખ સહના માબાપકી ખાતીર,
ફર્જ તો હૈ અહસાન નહીં;
કર્જ હૈ ઉનકી તુઝ પર,
કોઈ ભીક્ષા યા દાન નહિ."

તો માનવીની એક ફર્જ મા–બાપની સેવા એ મુખ્ય છે. કારણ કે,

"ધન ખરતાં મળશે બધું,
માતાપિતા નહિ મળે;
જગ–જીવન એના ચરણની,
ચાહના ભૂલશો નહિ."

માતાના ગુણગાન શબ્દોથી થઈ શકે તેમ નથી. મારી પાસે ગુણગાન માટે પુરતા શબ્દો પણ નથી પણ તેના ગુણગાન ગાયા સાર્થક ત્યારે જ ગણાય કે તેમના કોડ આપણે પુરા કરીએ, ખુબ ખુબ સેવા કરીએ અને આપણું ઋણ સેવા કરી પુર્ણ કરવા પ્રયત્ન કરીએ.

વંદન હો એવી
માતને.

**માતૃ દેવો ભવઃ ।**

'બુદ્ધિપ્રભા' ને લગતો તમામ પત્ર વ્યવહાર
આ સરનામે કરો—

**'બુદ્ધિપ્રભા'**

C/o ધનેશ એન્ડ કાં.,
૧૯ / ૨૧, પીકેટ ક્રોસ લેન, સ્મોલ કોઝ કોર્ટ પાસે, મુંબઇ ૨.
લેખકોને પુરસ્કાર આપવામાં આવે છે.

# પતન અને ઉત્થાન

આ માસની ધર્મ કથા

—શ્રી સત્યમ

[ માનવી નાનુ કે મોટું પાપ કરી બેસે છે તેથી જ કંઇ તે પાપી નથી ઠરતો. પરંતુ જ્યારે તે એમ કહે કે-"બધાય એવું જ કરે છે" ત્યારે તેનું તે પાપ અક્ષમ્ય બને છે.

આજ જ્યારે એક જ શહેરમાં ઉપરાઉપરી સાધુઓના ચાતુર્માસથી સમાજ ખળભળી રહ્યો છે ત્યારે ભૂતકાળની આ સત્ય ઘટનાત્મક વાર્તા એક દીવાદાંડી બની રહેશે. પૂજ્ય શ્રમણ ભગવંતો આ વાર્તા અચૂક વાંચે. —સંપાદક ]

સેલકપુરના ન્યાયપ્રિય અને નીતિપરાયણ રાજા સેલકને ખબર પડી કે નગરની બહાર રાજઉદ્યાનની અંદર જૈનશ્રમણ શુક આવ્યા છે અને એમની દેશના (ધર્મોપદેશ) સાંભળવા અનેક માણસો કીડીઓની જેમ ઉભરાય છે. રાજાના ધર્મપ્રિય આત્માને પણ આ જૈન મુનિની દેશના સાંભળવાની ઉત્કટ ઈચ્છા થઈ આવી અને પરિણામે સેલક રાજા શુકમુનિ પાસે જઈ પહોંચ્યો.

શુકમુનિની વાણી એવી અસરકારક નીવડી કે રાજા સેલકને સંસાર અસાર લાગ્યો અને એ જ ક્ષણે સંસારનો ત્યાગ કરી પ્રવ્રજ્યા (દીક્ષા) લેવાનો સંકલ્પ કર્યો.

ઘેર આવી પોતાના આ સંકલ્પની એણે પોતાના પાંચસો મંત્રીઓને જાણ કરી.

મંત્રીઓએ રાજાના આ શુભ સંકલ્પનું માહાત્મ્ય સ્વીકાર્યું અને રાજાને કહ્યું, 'આપનો આ સંકલ્પ ખરેખર પ્રત્યેક મનુષ્યને માટે અનુકરણીય છે. અમે આપની સાથે ઘણા સમયથી

રહીએ છીએ એટલે તમારો સાથ અમે છોડી શકીએ નહિ. અમે પણ આપની સાથે પ્રવ્રજ્યા લેવાનો નિર્ણય કર્યો છે.'

મંત્રીઓનો આવો નિર્ણય સાંભળી રાજા સેલકના આનંદની કોઈ અવધિ રહી નહિ.

રાજાએ પોતાના પુત્ર મંડકને ગાદી પર બેસાડીને શુકમુનિ પાસે પ્રવ્રજ્યા લીધી અને એક સાચા અનગાર તરીકેનું જીવન શરૂ કર્યું.

શાસ્ત્રોની સર્વ શાખા-પ્રશાખાઓનું ઊંડું પરિશીલન કરી ધર્મનાં સનાતન રહસ્યોનું હાર્દ તેમણે હસ્તગત કર્યું.

જેવો મળે એવા ખોરાકથી જીવન-નિર્વાહ કરવાથી થોડા સમય બાદ એમને પિત્તજવર લાગુ પડયો.

એજ અવસ્થામાં તેઓ એમના પાંચસો શિષ્યો સહિત એકવાર પોતાના નગર સેલકપુરમાં આવ્યા. એમના પુત્રને એમના આવ્યાની ખબર મળતાં એ પિતાના દર્શન માટે એમની પાસે દોડી આવ્યો.

પણ પિતાનો કૃશ અને રોગી દેહ જોતાં જ મંડકની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યા.

એ બોલ્યોઃ 'આપ મારી યાનશાળામાં રહો. નગરના પ્રતિષ્ઠ વૈદ્યો આપની દવા કરશે. યોગ્ય ઔષધિઓ દ્વારા આપના વ્યાધિને તેઓ નિર્મૂળ બનાવશે.'

સેલકમુનિ પોતાના પુત્રના આ આગ્રહને વશ થયા અને યાનશાળામાં આવીને રહ્યા.

ચિકિત્સકોએ ઔષધમાં આસવનો ઉમેરો કરીને સેલક મુનિના ઉપચારો શરૂ કર્યા.

થોડા દિવસમાં જ સેલક મુનિનો દેહ કંચન જેવો બની ગયો.

પણ આસવનો અને પૌષ્ટિક આહારનો ચસકો મુનિને એવો લાગી ગયો કે એમને એ જગાએથી બીજે વિહાર કરવાનો વિચાર જ આવ્યો નહિ. દિનપ્રતિદિન એમની મિષ્ટાન્ન ખાવાની અને મદ્ય પિવાની આસક્તિ વધવા લાગી.

એમની આ પતનદશા જોતાં જ એમના શિષ્યો મનમાં કકળી ઊઠયા. સાધુથી એક જગાએ લાંબો વસવાટ કરાય નહિ એ ધર્મનિયમ અનુસાર તેઓ અંતે સેલક મુનિને છોડીને સેલકપુરથી બીજે સ્થાને વિહાર કરી ગયા. માત્ર પંથમ નામનો એક શિષ્ય સેલક મુનિ પાસે રહ્યો.

થોડા દિવસ પસાર થયાં.

સેલક મુનિ ધર્મના નીતિનિયમોમાં શિથિલ બનીને પોતાના દિવસો પસાર

કરવા લાગ્યો. રોજ સ્વાદિષ્ટ ભોજન આરોગી તથા મદ્યપાન કરી દેહના સુખને જ સારરૂપ ગણવા લાગ્યા. રોજની સામયિક અને પ્રતિક્રમણ જેવી ધાર્મિક ક્રિયા કરવાનું પણ એમણે બંધ કરી દીધું હતું.

એક દિવસ સેલક મુનિ મિષ્ટાન્ન આરોગીને અને મદ્યપાન કરીને નિરાંતે ઊંઘતાં હતાં. એમનો શિષ્ય પંથક પ્રતિક્રમણ કરીને ગુરુ પાસે આવ્યો પણ એ તો મદ્યના નશાને લીધે આંખો મીંચીને ઊંઘતા પડયા હતા.

પંથકે એક સાચા શિષ્યની ગુરુ-ભક્તિ અનુસાર પોતાનું મસ્તક સેલક મુનિના ચરણમાં ભાવપૂર્વક નમાવ્યું.

પંથકના મસ્તકના સ્પર્શથી સેલક મુનિની બંધ આંખો ઉઘડી ગઈ અને એ સાથે જ એમના મોમાંથી રોષભર્યા ઉદગારો બહાર નીકળી આવ્યા: 'કયો દુષ્ટ અત્યારે મને હેરાન કરી રહ્યો છે? મારી સુખશાંતિ જેવી નિદ્રામાં વિક્ષેપ પાડનાર કયો દુષ્ટ અહીં આવ્યો છે?'

પંથક આ સાંભળીને લેશ માત્ર રોષે ભરાયો નહિ.

શાંતિ અને વિનયથી એ બોલ્યો 'ભગવાન એ તો હું આપનો શિષ્ય પંથક આપને નમસ્કાર કરૂં છું. આજે આ કારતક માસ ચાલે છે. ચોમાસું પુરૂં થયું છે. એ ચોમાસા દરમ્યાન મારાથી આપનો કોઈ જાણતાં કે અજાણતાં અપરાધ થયો હોય તો એની માફી માગવા મેં આપને નમસ્કાર કરવા મારૂં મસ્તક આપના ચરણમાં નમાવ્યું હતું.'

અને 'ચોમાસું પુરૂં થયું' એ વાકયના ચાબુકે જાણે વ્રતનિયમોમાં શિથિલ બનેલા સેલક મુનિના મન પર એક મોટો પ્રહાર કર્યો.

મનોમન એ મુનિ બોલી ઊઠયા: 'અરે! ચોમાસાના ચાર ચાર માસ પૂરા થયા છતાં મને મારી ખાવા-પીવાની અને મદ્યપાનની આસિકતાના કારણે ખબર પણ પડી નહિ અને હું હજી પણ આ એક જ જગાએ અનગાર થઈને પણ પડયો રહ્યો છું? કયાં ગઈ મારી વ્રતભાવના? કયાં ગયું મારું સંયમશીલ સાધુત્વ? કયાં ગઈ મારી અનગાર તરીકેની દિનચર્યા? મારું આવું પતન! મારો આવો ઘોર અસંયમ?'

પેલો પંથક એક અપરાધીની જેમ આગળ બોલવા લાગ્યો: 'મને ક્ષમા કરો, ગુરૂવર્ય! આપ ઊંઘતા હતા ને મેં આપને જગાડયા એ માટે હું ફરીવાર આપની ક્ષમા માંગું છું.'

પણ મુનીએ જાણે બીજી જ વાત કહી.

એમણે પંથકને કહ્યું: 'ઊંઘતાને જગાડવા એ અપરાધ નથી, એ તો એક મહાન ઉપકારનું કાર્ય છે. હું આજસુધી મોહમાયાના ઘેનમાં ઊંઘતો જ હતો. પણ તેં મને એમાંથી જગાડ્યો, મને સાચા ને મૂળ માર્ગ પર લાવી મૂક્યો એ તારો અપરાધ નહિ, પણ એક મોટો ઉપકાર છે. તેં એમ કરીને મારી જીવનતંદ્રાને દૂર કરી છે!'

પંથક બોલ્યો: 'આપ તો મારા ગુરૂ છો!'

'આજ સુધી હું પણ એમ જ માનતો હતો, પણ આજે હું તારો ગુરુ નહિ પણ તું મારો ગુરુ બન્યો છે અને હું તારો શિષ્ય બન્યો છું. તેં મને મારી સાચી જીવનદશા બતાવી છે. મારી ધર્મ અંગેની સર્વ શિથિલતાઓનો સાચો ખ્યાલ આપ્યો છે.'

અને એ જ ક્ષણે સેલક મુનિએ એક રાજસેવકને પોતાની પાસે બોલાવ્યો ને કહ્યું, 'ભાઈ! આ સુંદર સૂવાની પાટ, આ ટેકા માટેનું સુંદર નકશીવાળું પાટિયું, આ મખમલની સુંવાળી પથારી–બધું રાજા મૂંડકને પાછું આપી દે! મારા જેવા અનગારને એમાંનું કશું જ ખપે નહિ.'

રાજસેવકને સમજાયું નહિ કે સેલક આ બધી સુખદાયી વસ્તુઓનો શા માટે ત્યાગ કરે છે.'

પણ એને તો સેલકની આજ્ઞા જ માનવાની હતી, એટલે એણે એ વસ્તુઓ રાજા મૂંડકને પાછી પહોંચાડી દીધી.

બીજે દિવસે જ સેલક મુનિ સેલકપુરમાંથી નીકળી ગયા અને પુંડરિક પર્વત પર જઈને એક સાચા ને સંયમી સાધુ તરીકે પોતાનું શેષ આયુષ્ય પસાર કરવા લાગ્યા.

પછી તો બધા શ્રમણો માટે સેલક મુનિનું જીવન એક દીવાદાંડી રૂપ બની ગયું.

લોકોને ઉપદેશ આપતા શ્રમણો કહેતા થયા કે, જે કોઈ નિર્ગ્રંથ સેલક મુનિની જેમ કોઈ સંજોગવશાત ધર્મમાં શિથિલ બન્યો હોય એણે એ જ મુનિની જેમ ફરીવાર દૃઢ સંકલ્પથી તપસંયમમાં સ્થિર થવું ને શિથિલ સાધુત્વને સજીવન કરી અનગારત્વનું સંપૂર્ણ પાલન કરવું. આવા પતનશીલ જીવનને ફરીવાર ધર્મમાં પ્રતિષ્ઠિત કરનાર અનગાર અંતે એના આત્માનું પરમ કલ્યાણ સાધી શકે છે.

★

# ગોચરી

(સંકલન)

[ સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજીના વિવિધ ગ્રંથોની સંકલિત કટાર. સંપાદક. ]

## મા–બાપ
## દોસ્ત કે દુશ્મન?

જેઓને પોતાના છોકરાંને બહુ ગુણી કરવાં હોય તેઓએ છોકરાંની વર્તણુંક ઉપર બહુ જ લક્ષ આપવું. તેમની કુટેવો તરફ ધ્યાન રાખવું. અને મધુર વાણીથી શીખામણ આપી તેમને કુટેવોમાંથી છોડાવવાં જોઇએ.

ઘણાં ખરાં છોકરાં લાડને લીધે પોતાના માબાપને ગાળો આપે, તોફાન કરે તોપણ તે માબાપ છોકરાંને શીખામણ આપતા નથી તેમજ તેમને શિક્ષા પણ કરતા નથી.

વળી કેટલાક માબાપ તો એવાં હોય છે કે છોકરા પાસે પરસ્પર એક બીજાને ગાળો દેવરાવે છે. મા પોતાના છોકરાને લાડમાં કહે કે બબુડા તારા બાપને તું કૂતરો કહે. એટલે છોકરો બાપને કૂતરો કહે. તેનો બાપ કહે કે તારી માને રાંડ કહીને બોલાવવી. ત્યારે છોકરો એની માને રાંડ કહીને બોલાવે એટલે બાપ ખુશી થાય.

વળી મા તેના છોકરાને હાથમાં લાકડી આપીને કહે કે જા તારા બાપાને એક લાકડી મર. અને બાળક તેમ લાકડી પણ અણસમજમાં મારે. આમ ઉલ્ટું તેના બાપના કહેવાથી તે તેની માને લાકડી મારે.

આમ નાનપણથી જ જો આવો મહામંત્ર બાળકોને ભણાવાય તો તે જ બાળકો તેમના માબાપને વૃદ્ધાવસ્થામાં લાકડીઓ મારે તેમાં શું નવાઈ છે?

આટલું જાણે પૂરતું ન હોય તેમ કેટલાક માબાપ તો બાળકોને અસભ્ય ગાળો જાણે મંગળ તરીકે બોલાવતા હોય તેમ બોલાવે છે. આ જ શીખેલી ગાળો પછી માબાપને પોતાને જ મોટી ઉંમરે સાંભળવી પડે તેમાં કોનો દોષ દેવો ?

સારાં સારાં શબ્દો બોલતાં શીખવવાં એ જ માબાપની ફરજ છે. જો છોકરાંઓ નઠારાંની સોબત કરતાં હોય તો તેમને તેવી સોબત ન કરવા દેવી. પોતાનાં સંતાનોને જે પ્રેમથી શીખામણ આપવાથી તેમનાં પર જેટલી અસર થાય છે તેટલી તેમને મારવા કુટવાથી થતી નથી.

નાનપણથી જ છોકરાંને મોંએ ચઢાવીએ અને પછી એ જ છોકરાં જ્યારે પરણ્યા પછી સ્ત્રીની ભંભેરણીથી, માબાપ સાથે લઢે વઢે કે કજીયા કરે ત્યારે જો માબાપ શોક કરે અને રડતાં રડતાં બોલે કે આ કરતાં તો પથ્થર જણ્યો હોત તો સારૂં. પણ આથી શું ફાયદો થઇ શકે ?

માબાપ પોતે કજિયો કંકાસ કરે તો તે જોઇને છોકરાં પણ કજીઆ કંકાશ કરતાં શીખે છે. માબાપ જો આડોશી પાડોશી સાથે હળીમળીને ચાલે છે તો છોકરાં પણ તેવા જ સ્વભાવનાં મળતાવડા થાય છે.

નિર્દયીનાં છોકરાં પ્રાયઃ નિર્દયી થાય છે તેનું કારણ એ જ છે. માટે માબાપે પોતે સદ્‌વર્તણુંકથી વર્તી છોકરાંની વર્તણુંક ઉપર લક્ષ આપવું. કહ્યું છે કેઃ—

"જે માબાપ પોતાનાં છોકરાંને ભણાવતાં નથી, ઉત્તમ પ્રકારની કેળવણી આપતાં નથી તે માબાપને છોકરાંના દુશ્મન જાણવાં."

બાલ્યાવસ્થામાં છોકરાંની અણસમજ વિશેષ રહે છે. પોતાના હિતની તેમને ખબર પડતી નથી. છોકરાનું હિત કેવી રીતે થઇ શકે તે તો માબાપ જ જાણી શકે છે.

જ્યારે આપણે એક આંબાના ઝાડને ઉછેરવામાં અત્યંત સંભાળ રાખીએ છીએ ત્યારે છોકરાંને સંસ્કાર આપવામાં સંભાળ ન રાખીએ તો તેમનાં આપણે દુશ્મન ના બનીએ તો બીજું શું બની શકીએ ?

આપણી પાઘડી, આપણું અંગરખું, ધોબી પાસે ધોવરાવી કેવું સાફ રાખીએ છીએ ? તો પછી લુગડા અને પાઘડીથી પણ વધુ વહાલાં એવા આપણા છોકરાંની દરકાર ન રાખીએ એ આપણું કેટલું બધું અજ્ઞાન બતાવે છે ?

બેનો પોતાના વાળ ઓળવામાં તથા તેને સાફ રાખવામાં જેટલી કાળજી

રાખે છે તેટલી કાળજી પોતાની દીકરીની વાણીને મીઠી કરવામાં, તેને ઘરનાં કામકાજ શીખવવામાં તેને સારી કેળવણી આપવામાં, ન્યાય નીતિથી જીવન જીવતા શીખવવામાં રાખે તો તે જ દીકરી તેના માબાપને કેટલી આશીષ આપે? અને એ જ દીકરી જો ભણ્યા ગણ્યા વિના મોટી ઓતડા જેવી થાય અને ઘરનાં કામ કરતાં તેને બરાબર આવડે નહિ તો તે તેના માબાપને કેવી આશીષ આપે?

માટે મિત્રો! વિચારો. મૂર્ખ છોકરો અનીતિથી ચાલે તેમાં માબાપનો દોષ છે અને એ માટે તેના માબાપ તેના દુશ્મનો છે એમ જાણો.

**( 'કન્યા વિક્રય દોષ' માંથી પાન નં. ૨૬ થી ૨૯)**

●

# શ્મશાનીયો વૈરાગ્ય.

અધ્યાત્મજ્ઞાન વિનાની વૈરાગ્ય દશા તે શ્મશાનીયા વૈરાગ્ય જેવી છે. પાંચ ઇન્દ્રીયોના શુભાશુભ ભાવ સહેજે જેથી ટળે છે તે તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે.

મોહગર્ભિત વૈરાગ્ય અને દુઃખગર્ભિત વૈરાગ્ય ક્ષણમાં ટળી જાય છે અને તેથી શુભાશુભ વિષયો પર કલ્પેલો મોહ ટળતો નથી. જ્યારે જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી સર્વ પ્રકારની જડવસ્તુઓ પર મોહભાવ જ પ્રકટતો નથી. તેવા જ્ઞાનીઓને અપ્સરાઓના નાચથી અને તેના હાવભાવથી મનમાં વિષય ભોગની ઇચ્છા થતી નથી. તેઓના શરીર સાથે અપ્સરાઓનાં શરીરો ઘસાય તો પણ તેમને કામભોગની લાલસા તેમજ સુખની ઇચ્છા પણ થતી નથી. તેઓની તો મરેલાં મડદાં જેવી જ દશા થઇ ગઇ હોય છે. આથી તેને અંગનાઓ શું કરી શકે? તેઓને માન અપમાનનું ભાન હોતું નથી તેમજ વિષય સુખ દુઃખની ઇચ્છા પણ હોતી નથી. પણ આ બધું જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય તો જ બની શકે.

આત્મજ્ઞાનીને પકવદશામાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પણ રહેતો નથી તેથી તે અવશ્ય કેવળજ્ઞાની બને છે.

રાગ અને વૈરાગ્ય એ બે મનમાં વર્તે છે. શુદ્ધાત્મામાં રાગ, વૈરાગ્ય કે ત્યાગ વગેરે ભાવોના માનસિક પરિણામો રહેતાં નથી. વૈરાગ્ય, ત્યાગ અને ભક્તિ આમાંનું એકપણ સાધન પૂર્ણપણે અવલંબતા શુદ્ધ આત્મ સ્વરૂપ પ્રગટે છે.

આત્મજ્ઞાની ગુરુના ભક્તો ગુરુની આજ્ઞા પ્રમાણે ભક્તિભાવમાં વર્તતા છતાં, મોહગર્ભિત અને દુઃખગર્ભિત વૈરાગ્યમાંથી જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી તે સર્વ વિષયરૂપ સમુદ્ર ઉપર તરવા સમર્થ બને છે. તેમજ સર્વ વિષયમાં તેમની બુદ્ધિ અમૃત તથા વિષની રહેતી નથી.

જાદુગરની બાજીની જેમ જ્ઞાન-ગર્ભિત વૈરાગીઓને સંસારના તથા કર્મના ખેલ લાગે છે. તેમાં તેઓને આનંદ પણ નથી થતો તેમજ તેમાં તેમને દુઃખ પણ લાગતું નથી. તેઓ પોતાને નટની જેમ, કર્મ પ્રકૃતિથી નાચતા હોય એમ પ્રથમ જ્ઞાન દશાએ જુવે છે અને પછી આકાશની જેમ પોતાને નિર્લેપ ને સ્થિર સમજે છે.

ધ્યાન સમાધિથી પાકેલા જ્ઞાનીના આત્મામાં એટલો બધો આત્માનંદ સાગર ઉછળે છે કે તેથી તેઓ સર્વત્ર, સર્વ બાબતોમાં કર્તવ્યો કરતાં આનંદ-મય જણાય છે જો કે અજ્ઞાની જીવોને તો તે વિષય સંબંધી જ આનંદ સમજાય પરંતુ જ્ઞાનીઓ તો સમજે છે કે તેવો આનંદ ત્રણ ભુવનમાં પણ સમાઈ શકે તેમ હોતો નથી.

આત્મ જ્ઞાનીને તેવા બ્યકત્માત્માનંદ-માંથી તેની કાયા અને ઇન્દ્રિયો પણ આનંદથી ઉભરાતા હોય તેમ જણાય છે.

**('પત્ર સદુપદેશ ભા. ૨ જો' માંથી પાન નં. ૫૭૭-૫૧૮)**

★

# દુઃખે છે પેટ અને....

બાહ્ય વસ્તુઓ ઇષ્ટ યા અનિષ્ટ નથી પણ બાહ્ય વસ્તુઓને ઇષ્ટ યા અનિષ્ટ માની લેનાર મન છે.

ઇષ્ટ અને અનિષ્ટપણાની કલ્પના કરનાર મન છે. મનનું આ ઇષ્ટા નિષ્ટપણું મોહથી પેદા થયેલું છે. આમ જ્યાં બાહ્ય વસ્તુઓમાં ઇષ્ટ કે અનિષ્ટ નથી તો પછી તેના પર રાગ કે દ્વેષ શા માટે રાખવો જોઇએ ?

દુઃખે છે પેટ અને કુટે છે માથું તેમજ રોગ પાડાને અને ડામ દેવાય પખાલીને તેની જેમ આપણે બાહ્ય વસ્તુઓની નિંદા કરીએ છીએ.

બાહ્ય વસ્તુઓ તો કહે છે કે અમારામાં ઇષ્ટ કે અનિષ્ટપણું કંઇ જ નથી છતાં હે મનુષ્યો ! તમે તમારી રાગ–દ્વેષની પ્રવૃત્તિઓથી અમને શા માટે નિંદો છો ? શા માટે તમે અમારી સ્તુતિ પણ કરો છો ?

ચંદ્રને જોઇને કેટલાકને શીતળ-પણાના ગુણથી તેના ઉપર રાગ જનમે છે જ્યારે વિરહીઓને તેના પર કાળ ચડે છે. વસ્તુતઃ વિચારીએ તો ચંદ્રને જોઇને મણુસો માત્ર મનની કલ્પનાથી જ સુખી દુઃખી થાય છે તેમાં ચંદ્રને કંઈ જ લાગે વળગતું નથી.

આમ બાહ્ય પદાર્થો પર રાગદ્વેષ થાય છે તે આત્માની ભ્રાંતિ છે. જો કોઇ છોકરો લાકડાના ઘોડા ઉપર બેસે છે ત્યારે તે તેના પર પ્રેમ કરે છે પરંતુ જ્યારે તે તેના પરથી પડી જાય છે ત્યારે તે તેને સોટી મારે છે. હવે વિચારો કે લાકડાના ઘોડા ઉપર બેસ-નાર છોકરાને તેના પર રાગ કે દ્વેષ થયો તેમાં લાકડાના ઘોડાને શું ? એ

તો નિમિત્ત છે. ખરૂં કારણ તો છોકરાના મનનું છે.

સ્ત્રીનું સુંદર રૂપ જોઇને પુરૂષનાં મનમાં રાગ જનમે અને તે સ્ત્રીની પ્રાર્થના કરે પણ તે સ્ત્રી જો તેની પ્રાર્થના ના માને તેના પર પુરૂષને દ્વેષ થાય તેમાં સ્ત્રીના શરીરનો શો વાંક ? અલબત્ત કંઈ જ નહિ. પુરૂષના મનમાં રાગ અને દ્વેષની કલ્પના ઊઠી તેમાં તેના અજ્ઞાનનો જ વાંક છે.

પુરૂષો સ્ત્રીઓને દેખી કામ ઘેલા થાય, મોહના પાશમાં સપડાય અને ઘોર કર્મ કરે અને કહે કે સ્ત્રીઓ નરકનું બારણું છે તેમજ સ્ત્રીઓ પણ પુરૂષને જોઇને મોહ કરે અને કામનાં વશમાં સપડાય અને કહે કે પુરૂષો જ નરકનું બારણું છે કારણ કે પુરૂષો ન હોત તો અમારી ખરાબ અવસ્થા થાત નહિ.

આ વસ્તુને ન્યાયથી વિચારીએ તો સત્ય જણાશે કે પુરૂષોને સ્ત્રીઓ ઉપર મોહ થાય તેમાં પોતાના મનમાં ઊઠતાં કામ વિકારનો જ દોષ છે. જો પોતાના મનમાંથી કામવિકાર કે જે પુરૂષ વેદ તરીકે ગણાય છે તે જો શાંત થયો તો અનેક સ્ત્રીઓથી પણ તેનું કંઇ જ ખરાબ થવાનું નથી. તે જ પ્રમાણે સ્ત્રીઓના મનમાં સ્ત્રી વેદરૂપ કામ વિકાર થાય છે તે જો ન હોય તો પુરૂષો સ્ત્રીઓનું કંઇપણ બગાડી શકવાના નથી. ટૂંકમાં રાગદ્વેષ એ બંનેના મનમાં ઉત્પન્ન થતાં કામવિકારનો જ દોષ છે. તેમાં સ્ત્રી કે પુરુષ તો માત્ર નિમિત્ત છે.

આમ તત્ત્વથી વિચારીશું તો માલુમ પડશે કે બાહ્ય વસ્તુઓ મોહકારક નથી પણ મનુષ્યો પોતે જ મોહબુદ્ધિથી તેમાં રાગદ્વેષાત્મક મોહને ધારણ કરે છે.

[ 'યોગ દીપક' માંથી
પાન નં. ૮૪ થી ૮૬ ]

✶

# જોગી અને જમાનો

**પહેલાં વૃદ્ધાવસ્થા થતાં લોકો પ્રવૃત્તિ માર્ગથી ફારેગ થઇને ધર્મ, સેવા, ભક્તિ વગેરેમાં પોતાનું જીવન ગાળતા હતા. જ્યારે હાલમાં માણસો વૃદ્ધ થયાં છતાં માયાના ફંદમાં ફસાઇને પોતાની જિંદગીના ચરમ (અંતિમ) ભાગને પરમાર્થ કાર્યમાં વાપરતા નથી. કોઈ વિરલા મનુષ્યો જ પોતાની વૃદ્ધાવસ્થામાં નિવૃત્તિ તરફ વળે છે. વૃદ્ધાવસ્થામાં જૈનો ઉપાધિ માર્ગનો ત્યાગ કરીને પરમાર્થ જીવન ગાળતા હોય એવા થોડા જ માલુમ પડે છે.**

**છેલ્લી જિંદગીમાં પણ ધર્મની પ્રાપ્તિ માટે જેઓ આત્મભાગ આપતા નથી એવા મનુષ્યોનું જીવવું પ્રશસ્ય ગણાતું નથી. ગુણોથકી જે જૈનો બનેલા હોય છે તેઓ ગૃહવાસમાં પણ પચાસ વરસ પછીની જિંદગી ધર્મકાર્યમાં ગાળે છે.**

યુવાવસ્થામાં ધર્મની સેવા કરી શકાય છે. સાધુઓ યુવાવસ્થામાં ધર્મની જેટલી સેવા બજાવી શકે તેટલી વૃદ્ધાવસ્થામાં બજાવી શકતા નથી.

દેશવીર, ધર્મવીર, કર્મવીર ઈત્યાદિ વીરો જગતમાં પોતાનું નામ અમર કરી શકે છે. કંચન અને કામિનીના ત્યાગી એવા સાધુઓ પ્રભુના ધર્મનો ફેલાવો કરવા સમર્થ થાય છે. અને તેઓના હાથે ધર્મનો ઉદ્ધાર પણ થાય છે. ધર્મનો ફેલાવો કરવા જેણે જિંદગીનો હોમ આપવો હોય તેણે તો યુવાવસ્થામાં સાધુ થઈને ઉપદેશ દેવા બહાર નાકળી પડવું જોઈએ. અને વૃદ્ધાવસ્થા થયા છતાં ધ્યાનમાર્ગમાં વિશેષતઃ ધ્યાન આપવું જોઇએ.

જૈનોમાં આત્મભોગ આપનારા વીર પુરુષો થતા નથી તેનું કારણ એ છે કે તેઓ વણિકપણાની વૃત્તિને તજી શકતા નથી.

ગમે તેટલું જુનું હોય પણ જૈનાગમોથી વિરુદ્ધ હોય તેમ જ જૈનધર્મની પ્રગતિમાં વિઘ્ન નાખનાર હોય તો તેનો ત્યાગ કરવો જ જોઇએ.

આત્મવીર્ય ફોરવનારા જૈનો પ્રગટાવવા માટે આર્ય સમાજીઓની પેઠે જૈનધર્મની પરિપૂર્ણ કેળવણી અને વ્યવહારિક કેળવણી અપાય એવા ગુરુકુળોની સ્થાપના થવી જોઇએ. જેઓનાં હાડોહાડમાં જૈનધર્મની શ્રદ્ધા વ્યાપી રહી હોય અને જેઓ તન, મન અને સત્તાનો પણ ભોગ આપવા તૈયાર થઈ ગયા હોય એવા જ્ઞાની જૈનોથી જૈનધર્મનો ફેલાવો થવાનો છે એ નક્કી સમજો. એવા મહાપુરુષોના કાર્યમાં તન, મન અને ધનથી સહાયક બનનારાઓ મહાફળ પ્રાપ્ત કરી શકે છે.

મનુષ્યોના દુર્ગુણો ટાળીને તેઓને સન્માર્ગે ચઢાવવા એ ખરેખરી માનવ સેવા છે. એવી સેવાનો માર્ગ બતાવનાર ઉત્તમ જ્ઞાનીઓની સેવામાં સર્વસ્વ અર્પણ કરવું એ જ મનુષ્યોની ફરજ છે.

ઉત્તમ જૈનો પોતાના આત્મભોગથી મનુષ્યોને ખરા મનુષ્ય બનાવવાનો પ્રયત્ન કરે છે.

વૃદ્ધાવસ્થા આવ્યા પૂર્વે ધર્મની પ્રવૃત્તિ સેવાય તેટલી સેવવામાં અંશ માત્ર પણ પ્રમાદ ન કરવો. છેલ્લી જિંદગીમાં ધર્મની નિવૃત્તિ, પ્રવૃત્તિ તેમ જ ધ્યાન અને સમાધિની આરાધના કરવાની જરૂર છે.

[ 'ધાર્મિક ગદ્ય સંગ્રહ'
પાન નં. ૪૫૬-૪૫૭ ]

બો

ધ

ક

થા.

ઈન્દ્રવદન શાહ

# એક હતું શીયાળ

એક શીયાળ હતું. ત્રણ દિવસથી તેને કોઇ શિકાર મળ્યો નહતો. ત્રણ ત્રણ દિવસની ભૂખથી તે હેરાન થઇ જંગલમાં શિકારની શોધમાં ભટકી રહ્યું હતું.

શિકારની શોધમાં તે એક નદી આગળ આવ્યું. નદીમાં નજર કરતાં જ તેને એક મડદું તણાતું દેખાયું. માંસની ગંધથી તેનું હૈયું નાચી ઊઠયું. તે દોડતું કિનારે પહોંચી ગયું. કિનારાથી થોડે દૂર જ મડદુ આવતાં તેણે તે મડદાને તેણે નદીની બહાર કાઢયું.

શિયાળનો આ ખેલ નદી કીનારે ઊભેલો એક બ્રાહ્મણ જોઇ રહ્યો હતો. તેણે તે મડદાંને ઓળખી કાઢયું.

આથી જ્યાં શિયાળ તેને ખાવા જાય છે ત્યાં જ તે બ્રાહ્મણ બોલી ઊઠયો.

"હે શિયાળ ! તું આ મડદાંને ખાઇશ નહિં તેનું એક હાડકું પણ ખાવા જેવું નથી. તેનું માંસ પણ અખાદ્ય છે."

બ્રાહ્મણનું આવું બોલવું સાંભળી. ભૂખ્યા શિયાળે પૂછ્યું: "હે બ્રાહ્મણ ! તું આમ કેમ બોલે છે?"

બ્રાહ્મણે તુરત જ કહ્યું:–'હે શિયાળ ! આ મડદાંનો જે હાથ છે તેણે કોઇ દિવસ દાન દીધું નથી. તેના કાને કદી ધર્મકથા સાંભળી નથી. અને જે કંઇ સાંભળ્યું છે તે સાંભળ્યા પછી કહેનાર પર તેણે ખાર જ રાખ્યો છે. તેની આંખોએ કદી ઇશ્વરના દર્શન કર્યાં નથી. તેના પગે કદી ધર્મયાત્રા કરી નથી. પેટ પણ તેનું અનીતિની કમાણીથી ભરેલું છે. તેનું મગજ સદાય અભિમાનમાં જ રહ્યું છે. હવે તું જ કહે, કે જેનું એકે અંગ પણ કદી કોઇનાં કામમાં આવ્યું નથી એવા અપવિત્ર, આળસું મડદાંને તારાથી શી રીતે ખવાય?

અને જો તું એ ખાઇશ તો તું પણ તેની જેમ અપવિત્ર બની જઈશ, માટે મારૂં કહ્યું માની હે શિયાળ ! તું એ અધર્મી મડદાંને અડકીશ નહિ.

બ્રાહ્મણનું આવી ધર્મવાણી સાંભળી શિયાળ એ મડદાં સામે નજર કર્યાં વિના જ ચાલ્યું ગયું !

## પુરુષની નજરે—

બેન નીકળ્યા છે તો દાબડી લઈ દર્શન કરવા; પણ રસ્તામાં સગા સાથે દીકરીના લગનની વાત કરે છે!

*

બેનના છોકરા રસોડામાં ધમાધમ કરે છે અને બેન તો ઉપાશ્રયના ઓટલે વાતોના તડાકા મારે છે !

*

આમ તો એ બેન રોજ એકલા દેરે જાય છે; પણ આજે લાડુની પ્રભાવના છે એટલે બેન આજે બધાજ છબુરીયાને લઇને દેરે જાય છે !

*

બેન કરે છે તો ઓળી પણ જમવા ટાણે આખું ઘર ગજવી નાંખે છે !

*

બેન ને દેરૂં સામે છે એટલે, નાહ્યા ધોયા વિના ગમે તેવા કપડે પણ દર્શન કરીનેજ ચા પીવે છે !

*

બેનના હાથમાં નવકારાળી છે પણ ધ્યાન તો ચુલા પર ઉકળતી દાળમાં છે !

ગાળ એ આપણી વાતચીતમાં અગત્યનો ભાગ ભજવે છે. જે સાદા શબ્દોથી માનવને અસર નથી થતી તે–' મૂર્ખ ! ગધેડા ! અક્કલનો બારદાન !' વગેરે જેવા ગાળ યુક્ત શબ્દના ઉપયોગથી તેના પર ઘણીવાર ઝાઝી ને જલદ અસર થાય છે.

આ ગાળને શુદ્ધ કરી લેખકો જે શબ્દોનો ઉપયોગ કરે છે તેમ જ વાતચીતમાં અને લખાણમાં જે રીતે ગોઠવે છે તે કટાક્ષ તરીકે ઓળખાય છે.

આ કટાક્ષ વાણીથી બર્નાર્ડ શોએ અંગ્રેજ પ્રજાનું જીવન સુધારવામાં ઘણો જ ભાગ ભજવ્યો છે.

## આમને

શ્રી જયંતિ દલાલે એ કટાક્ષોથી આપણી સરકારને કંઇક વાર ચેતનવંતી બનાવી છે.

આ કટાક્ષનું સાહિત્યમાં ચોક્કસ સ્થાન છે. તેમાં પ્રજા માનસનું પ્રતિબિંબ છે. ને પ્રેરણા પણ છે.

જૈન સમાજનું પ્રતિબિંબ ઝીલતી અને તેને પ્રેરણા આપતી **શ્રીયુત સમીરની** આ–'આમને–સામને' ની કટાક્ષ કટાર આ માસથી અમો નિયમિત આપીશું.

**શ્રી સમીર**આ કટર માટે જણાવે છે:—

"આ કટાર વાંચી કોઇએ બંધ બેસતી પાઘડી પહેરવી નહિ."

**—સંપાદક.**

# સામને

## —શ્રીની નજરે

ભાઈ છે તો આધુનિક પણ આજે સસરા મહેમાન બન્યા છે એટલે ભાઇ પૂજા કરવા નીકળ્યા છે !

*

ભાઈ છે તો મોટા વેપારી પણ છે જરા કરકસરીયા એટલે પૂજાનું ઘી જરા ગણી ગણીને બોલે છે !

*

ભાઈ છે તો કંજુસ પણ આ તો બેરીના સગા સાધુ આવ્યા છે એટલે ગુરુ પૂજન કરે છે !

*

ભાઇને સામાયિક કરવાની બાધા છે પરંતુ સામાયિકમાં એ છાપુ ને નવલકથા જ વાંચે છે !

*

ભાઇએ માંડ એક ઉપવાસ કર્યો એમાં સો વાર તો ચાને સંભાળી !

*

ભાઈ પોતાને બહુ માને છે એટલે વ્યાખ્યાન અર્ધું થયા પછી પણ પાટ પાસેજ બેસવાનો પ્રયત્ન કરે છે !

આ માસની ટૂંકકથા

# ગર્વખંડન

રજનીકાન્ત પટેલ

ઉજ્જયિનીમાં વિશ્વજીતની પ્રતિષ્ઠા એક તેજસ્વી વિદ્વાન તરીકે હતી. વિદ્વત્તા અજોડ હતી. વેદ, વેદાંગ, ઉપનિષદ, યોગતર્ક અને ન્યાય તો એની જીભને ટેરવે રમતાં હતાં. જટિલમાં જટિલ પ્રશ્ન પણ વિશ્વજીત જોતજોતામાં ઉકેલી નાખતો. વિશ્વજિત સભામાં પધારે ત્યારે ખુદ ઉજ્જયિનીનો રાજા પણ, 'પધારો વિશ્વજિત, પધારો' કહીને બહુમાન કરતો.

વિશ્વજિતને પણ વિદ્યાનું અભિમાન થયું.

જ્યારે માણસમાં અભિમાન આવે છે ત્યારે સારાસારનો વિવેક ભૂલી જાય છે. અભિમાનમાં અંધ બનેલા વિશ્વજિતે એક દિવસ પત્નીને આજ્ઞા કરી : 'સાંભળ્યું ? સારાય વિશ્વમાં મારું બહુમાન થઇ રહ્યું છે. ખુદ ઉજ્જયિનીનો રાજા પણ મને ઊઠીને આવકાર આપે છે. પણ...પણ...'

'કેમ અટકી ગયા, સ્વામીનાથ ?'

'એક તું મને 'પધારો વિશ્વજિત' કહીને આવકાર નથી આપતી.' વિશ્વજિતે કહ્યું.

'આવતી કાલથી હું પણ તેમ કરીશ.'

અને બીજે દિવસથી વિશ્વજિતની પત્નીએ આ ક્રમ ચાલુ કર્યો. જ્યારે જ્યારે વિશ્વજિત બહારથી ઘરમાં પ્રવેશે ત્યારે તેની પત્ની 'પધારો વિશ્વજિત' કહીને આવકારતી.

એક દિવસ શરતચૂકથી, 'પધારો વિશ્વજિત' કહેવાનું પત્ની ચૂકી ગઈ. તે દિવસે વિશ્વજિતનો ક્રોધ મર્યાદા વટાવી ગયો.

'સાંભળી લે, આજથી એક પગથિયું આગળ વધું છું. આજ સુધી 'પધારો વિશ્વજિત' કહેતી હતી. આજથી હું જ્યારે જ્યારે ઘરમાં પ્રવેશું ત્યારે ત્યારે તારે મને લલાટમાં કુમકુમ તિલક કરવાનું અને કહેવાનું : 'પધારો વિશ્વજિત.' પણ જે દિવસે આમાં શરતચૂક થઈ તે દિવસે સાત જોડાના પ્રહારની શિક્ષા થશે અને તારો અને મારો સંબંધ કાયમને માટે તૂટી જશે.'

વિશ્વજિતની પત્ની પારેવડાંની જેમ ધ્રૂજી ઊઠી.

અને ત્યારથી આ નવો ક્રમ ચાલુ થયો. માન મેળવ્યું મળતું નથી. માગીને લીધેલા માનમાં માઝા પણ રહેતી નથી. વિશ્વજિતની પત્ની પણ યંત્રવત્ રોજ 'પધારો વિશ્વજિત' કહીને આવકારતી અને લલાટમાં કુમ-કુમનું તિલક કરતી. પણ હૈયામાં તો પ્રેમને બદલે ભયની ભૂતાવળ જ નાચતી હતી. કદાચ શરતચૂકથી કંઇ કહેવાનું રહી જાય નહિ. ચિંતામાં ને ચિંતામાં વિશ્વજિતની પત્ની અડધી નખાઇ ગઇ.

એક દિવસ વિશ્વજિતની પત્નીને આ જીવન પર કંટાળો આવ્યો. હિંમત કરી કહી દીધું:

'સ્વામીનાથ, શું જ્ઞાનનો સાગર આપ પી ગયા છો?'

'કેમ એમ પૂછવું પડયું?' વિશ્વ-જિતે પૂછ્યું.

'આપ આપની જાતને વિશ્વજિત કહેવડાવો છો. વિશ્વજિત આપ હશો એની ના નહિ. પણ આ ઉજ્જયિનીની વિદ્દદ્સભાના માપદંડથી વિશ્વના જ્ઞાન-સાગરનું માપ ન કાઢી શકો. જેવી ઉજ્જયિનીની વિદ્દદ્સભા છે એવી વારાણસીની પણ વિદ્દદ્સભા છે. ત્યાં પણ મોટા મોટા ધુરંધર પંડિતો બેઠા છે. તમે એમની સાથે શાસ્ત્રાર્થ કરી વિજયમાળ વરો. પછી હું જાણું કે આપ ખરા વિશ્વજિત છો.'

પત્નીના એકેએક શબ્દને વિશ્વજિત ન્યાયને ત્રાજવે તોળી રહ્યો. પત્નીનું કહેવું લગારે ખોટું નહોતું. વિશ્વજિત વિચાર કરીને બોલ્યો: 'ત્યારે સાંભળી લે, હવે તો હું ત્યારે જ ઉજ્જયિનીમાં પગ મૂકીશ કે જ્યારે વારાણસીની વિદ્દદ્સભાને હરાવીશ. સાચા અર્થમાં હું વિશ્વજિત બનીશ. હું પાછો ન આવું તો જાણજે કે હું કાયમ માટે ગંગામૈયાની હુંફાળી ગોદમાં પોઢી ગયો છું.'

'સ્વામીનાથ આટલું બધું ખોટું લાગી ગયું! આપે ઉજ્જયિનીના વિદ્વાનોને મહાત કર્યા. હવે કાશીના વિદ્વાનોને મહાત કરો, એટલું જ મારે કહેવાનું હતું. જ્ઞાન તો અગાધ છે. એનો પાર આવે તેમ નથી.'

વિશ્વજિત વારાણસીને પંથે પડી ગયો.

વારાણસીની વિદ્દદ્સભા હકડેઠઠ ભરાણી એક બાજુ રાજમંત્રીઓ, પ્રધાનો, શ્રેષ્ઠિઓ અને નગરજનો બેઠા હતા. રાજ્યના સિંહાસને ગૌરવવંતો કાશીરાજ બેઠો હતો. ધીરગંભીર વિશ્વ-જિત આવ્યો એણે એક વેધક દૃષ્ટિ વિદ્દદ્સભા ઉપર નાખી. અને કાશી-રાજને પ્રણામ કરી ઊભો.

કાશીરાજે વિશ્વજિતની દષ્ટિમાં દષ્ટિ પરોવીને પૂછ્યું: 'કહો મહાશય, ક્યાંથી પધાર્યા છો.

'રાજન્, હું ઉજ્જયિનીથી આવું છું'. 'મારું નામ વિશ્વજિત.'

'ઓહોહો ! આપ વિશ્વજિત ! આપ તો ઉજ્જયિની નગરીની વિદ્દ્સભાના રત્ન સમા છો. આપનું નામ તો ઘણીવાર સાંભળ્યું છે, પણ દર્શન તો આજે થયાં ચાલો, આજે આપની વિદ્વત્તાનો અમનેય લાભ મળશે.'

'રાજન્, આપે કહ્યું તેમ ઉજ્જયિની નગરીની વિદ્દ્સભાનો હું રત્ન સમો તો છું. હવે તો આ વારાણસી નગરીની વિદ્દ્સભાનું રત્ન બનવાની ઇચ્છા કરીને આવ્યો છું.

'અરે, એ તો મહાવિકટ કામ છે. આપ એ પદવી પામી શકો છો. પણ એની શરત આકરી છે.'

'શું છે શરત ?'

'શરત એ કે એક મહિના સુધી આપ અહીં રહીને વિદ્વાનોની સાથે જ્ઞાનચર્ચા કરો. વિદ્વાનોના જટિલમાં જટિલ પ્રશ્નોના ઉત્તર આપો. એ બધામાંથી પસાર થાવ તો જ અહીંની સભાના રત્ન બની શકો છો.'

'ઓહોહો, એમાં તે શી મોટી વાત છે, રાજન્ !'

વિશ્વજિતની અને કાશીરાજની વાત સાંભળીને વારાણસીના પંડિતો વિશ્વજિતને નખશિખ નિહાળી રહ્યા.

'અને એ ચર્ચા દરમ્યાન કોઇપણ પ્રશ્નનો ઉકેલ ન આપી શક્યો તો ?'

'તો તો રાજન્, આ સભાના રત્ન બનવાની વાત તો બાજુ પર રહી, પણ જે લલાટમાં આ કુમકુમનું તિલક ઓપે છે ત્યાં ધગધગતા સળિયાથી ડામ દેજો. આ વિશ્વજિતને સાચા અર્થમાં વિશ્વજિત બનવું છે અને એટલી તૈયારી સાથે જ એ અહીં આવ્યો છે.'

'તો આજથી જ તેનું મંગલ-મુહૂર્ત કરો.'

વિશ્વજિતને પરાજિત કરવા એક પંડિત ઊભો થયો. મહાવિકટમાં વિકટ પ્રશ્ન મૂક્યો.

પ્રશ્ન સાંભળતાં જ વિશ્વજિત ખડખડાટ હસ્યો અને રમતવાતમાં જવાબ વાળી દીધો.

વિશ્વજિતનો વિદ્વત્તાપૂર્ણ જવાબ સાંભળીને આખી વિદ્દ્ સભા ડોલી ઊઠી, તમામના મુખમાંથી 'વાહવાહ'ના ઉદ્દગારો નીકળી પડયા.

પછી તો એકએકને ટપી જાય એવા પ્રશ્નોની હારમાળા ચાલુ થઇ. વિશ્વજિત ડંકે કલેજે શાસ્ત્રોના આધાર ટાંકીટાંકીને જવાબ વાળે છે.

આમ ને આમ અઠ્ઠાવીસ દિવસ વહી ગયા. હજી વિશ્વજિત તો અણનમ

હતો. એકેએક વિદ્વાનોની બોબડી એણે બંધ કરી દીધી. વિદ્વાનો પણ સમજી બેઠા હતા કે હવે તો વારાણસી-નગરીની વિદ્દ્સભાનું નાક એક ઉજ્જયિનીનો પંડિત કાપી જશે.

હવે માત્ર બેજ દિવસ બાકી હતા. વિદ્વાનો પણ હવે તો વિશ્વજિત પાસે કોઈપણ પ્રશ્ન મૂકતાં અચકાતા હતા.

*

ઓગણત્રીસએ દિવસે વિદ્દ્સભા શરૂ થઈ. વારાણસીના પંડિતો નીચું ઘાલીને બેસી ગયા. એકલો વિશ્વજિત ઉન્નત મસ્તકે બેઠો હતો. એની આંખો એ ખોળી રહી હતી કે હવે પ્રશ્ન મૂકનારો કોણ બાકી છે.

કાંકરી પડે તોય અવાજ થાય એટલી શાંતિ સભામાં વ્યાપી હતી. ત્યાં તો એક સોળ વર્ષનો કિશોર સભામાં આવી ચડયો. ગૌરવર્ણો એનો દેહ છે. માથે વાંકડિયા વાળ છે. તેજસ્વી લલાટ પર કુમકુમઅંકિત તિલક છે. નાનીશી પોતડી ને ખભા પર જનોઈ લટકે છે.

આવીને એ સભા વચ્ચે ઊભો. કાશીરાજને નમન કરી કહ્યું: 'રાજન્, મને બેચાર પ્રશ્નો મૂંઝવી રહ્યા છે. એનો ઉકેલ લેવા અહીં આવ્યો છું.'

'ઉકેલ, ઉકેલ શું કરે છે? પૂછ પ્રશ્ન અને ઉકેલ લઈને તારે રસ્તે પડી જા.' વચ્ચમાં જ વિશ્વજિત બોલી ઊઠ્યો.

'આમ તો કોઈ મારા પ્રશ્ન નથી. પણ કાલે રાતે મેં એક સ્વપ્નું જોયું.'

'શું જોયું સ્વપ્નમાં, અને એમાં પૂછવાનું શું છે?' વિશ્વજિત કિશોરને ડારતો બોલ્યો.

'વિશ્વજિત, પહેલા પહોરે સ્વપ્નું આવ્યું. બન્યું એવું કે મધુર સ્વપ્નની શરૂઆત થઈ ત્યાં તો રૂમઝૂમ કરતી એક નવયૌવના મારા ખંડમાં દાખલ થઈ. એણે મારી ઓઢેલી પછેડી ખેંચી. મેં પૂછ્યું: 'અત્યારે અડધી રાતે કોણ છે?'

'એ તો હું ભૂખ.'

'જ્યાં રહેતી હોય ત્યાં જાને. અહીં શું છે?'

'રહું છું તો દરેકના પેટમાં.'

'તો ત્યાં જા, અહીં શું છે?'

'એક હોય તો જાઉં.'

'કોણ હોય તો તું જાય?' મેં પ્રશ્ન કર્યો. પણ એ તો જવાબ આપ્યા વિના ચાલી જ ગઈ.

'બીજો પહોર થયો અને બીજી સ્ત્રી આવી.

'વળી પાછું અડધી રાતે કોણ આવ્યું?'

'એ તો હું લાજ.'

'જ્યાં રહેતી હોય ત્યાં જાને.'

'હું તો દરેકની આંખમાં રહું છું.'

'તો ત્યાં જા, અહીં શું છે?'

'એક હોય તો જાઉં.'

'કોણ હોય તો જાય?' મેં એને પણ પૂછ્યું. પણ જવાબ આપ્યા વિના એ ચાલી ગઇ.

'પાછો હું તો જંપી ગયો. ત્રીજો પહોર થયો. ત્રીજી સ્ત્રી ત્યાં આવી ચડી. એણેય મને ઢંઢોળ્યો. મેં કંટાળીને પૂછ્યું: 'વળી પાછી કોણ નવરી ટપકી પડી?'

'કેમ, એ તો હું જુવાની.'

'તે અત્યારે? જ્યાં રહેતી હોય ત્યાં જાને?'

'હું તો દરેકના દેહમાં રહું છું.'

'તો ત્યાં ટળ, અહીં શું દાટ્યું છે?'

'એક હોય તો જાઉં.'

'કોણ હોય તો તું જાય?' મેં આળસ મરડીને પૂછ્યું. ત્યાં તો એ ચબાવલી ચાલી ગઈ.

ચોથો પહોર થયો. આંખો ઘેરાણી અને ઊંઘ ચડી. પણ આજે આ બધી નવરીઓ મારી વેરણ બનીને આવી હતી. ચોથા પહોરે મને જંપવા ન દીધો. ચોથી ચપટપ કરતી આવી. હું ત્રાડી ઊઠ્યો:

'કઈ છે એ નવરી?'

'કેમ, એ તો હું શાંતિ.'

'તમારે ક્યાં રહેવું?' મેં એઠા થતાં પૂછ્યું.

'રહું છું તો દરેકના મનમાં.'

'રહો, શાંતિથી રહો. અને મને શાંતિથી ઊંઘવા દો' મેં પછેડી ઓઢતાં કહ્યું.

'એક હોય તો ના રહું.'

'એ વળી કોણ

એ તો જવાબ આપ્યા વિના ચાલી ગઇ.

'પછી તો હું નિરાંતે ઊંઘી ગયો. સવારે જાગ્યો ત્યારે એ ચારે દશ્યો મારા મગજમાં ઘોળાવા લાગ્યા. બહુ વિચાર કર્યો પણ એ ચારેના ઉત્તર હાથ લાગતા નથી. એનો ઉત્તર આપની પાસેથી મળી રહેશે એ આશાએ આવ્યો છું.'

કિશોરની વાત સાંભળતાં જ વિશ્વજિત સહેજ થોથરાયો. એના સ્મરણપટ પર વેદ–વેદાંગ અને શાસ્ત્રોનાં પાનાં ફેરવાઈ ગયાં પણ ક્યાંય આના જવાબો ન હતાં. સાગર તરનારો ખાબોચિયે ડૂબે એવો આજે પ્રસંગ ઊભો થતો હતો. આજ સુધી તો

પ્રશ્ન પૂછનાર પંડિતને પ્રશ્ન કરતાં જ મૂંગો કરી દેતો. આજે એક નાનકડા કિશોરના ચાર પ્રશ્ને વિશ્વજિત મૂંગો બની ગયો.

વિશ્વજિતને મૂંગો જોઇ કાશીરાજ સહેજ ટટ્ટાર થયા. સ્વભાવિક એમનો હાથ મૂછ ઉપર ફર્યો. પોથીમાં મોં ઘાલી બેઠેલા વિદ્વાનો પણ વિશ્વજિતની મુખ પરની એકાએક રેખાને ધ્યાનથી અવલોકી રહ્યા.

જ્યારે વિશ્વજિતને કંઇ જવાબ ન જડયો ત્યારે ધીમેથી કહ્યું: 'રાજન્, હજી તો ઓગણત્રીસમો દિવસ છે. આવતી કાલે આ ચારે પ્રશ્નોના જવાબ મળી જશે. નહિ તો હું હાર સ્વીકારીશ.'

ત્રીસમા દિવસનું પ્રભાટ પ્રગટ્યું. સારીય વારાણસીનું ધ્યાન આજની વિદ્દદ્સભા ઉપર કેન્દ્રિત થયું હતું. ગઈ કાલે કિશોરે મૂકેલા ચાર પ્રશ્નોએ વિશ્વજિતને મૂઝવણમાં મૂકી દીધો.

એ ચાર પ્રશ્નોના ઉકેલમાં તો વિશ્વજિતે આખી રાત ગાળી, કંઇ શાસ્ત્રોના પાનાં ઉથલાવી જોયાં.

સમય થતાં વિદ્દદ્સભામાં યથાસ્થાને સૌ ગોઠવાઇ ગયાં. ધીમે પગલે, ઊતરેલ ચહેરે વિશ્વજિત પણ આવીને પોતાના સ્થાન ઉપર બેસી ગયો. એની પાછળ પાછળ પેલો કિશોર પણ આવ્યો. કિશોરે સૌને વંદન કર્યાં અને પોતાનું સ્થાન લીધું.

કાશીરાજે ધીર ગંભીર અવાજે કહ્યું: 'કહો વિશ્વજિત, ચાર પ્રશ્નોના જવાબો શું લાવ્યા?'

વિશ્વજિતનું માથું નીચું નમી ગયું.

'કેમ બોલતા નથી? કહો એ સ્ત્રીઓ કોની ગેરહાજરીમાં રહે છે?' કાશીરાજે ગઇ કાલનો પ્રશ્ન આજે દુહરાવ્યો.

વિશ્વજિત ઊભો થયો. એના શરીરમાં આછોઆછો કંપ હતો. ધીમા સાદે કહ્યું: 'રાજન્, એ ચાર પ્રશ્નોના જવાબ આપવા હું અસમર્થ છું.'

'ત્યારે તો આપ વારાણસી નગરીની વિદ્દદ્સભાનું રત્ન નહિ બની શકો.'

'નહિ. રાજન્.'

'ત્યારે આપ એ ચારે પ્રશ્નોના જવાબ આપો.' કાશીરાજે કિશોર ભણી દષ્ટિ કરી.

કિશોર પોતાના સ્થાન ઉપરથી ઊભો થયો અને બોલ્યો: 'રાજન્' આજે પણ મને કાલ જેવો જ અનુભવ થયો. આજે રાતે જ્યારે હું ઊંઘી ગયો ત્યારે પ્રથમ પહોરે એક પુરુષે આવીને મને ઢંઢોળ્યો. મેં

એને પૂછ્યુંઃ અલ્યા શાંતિથી ઊંઘવા તો દો. અલ્યા, કોણ છે તું?'

'હું છું સંતોષ.' 'ક્યાં રહે છે?'

'રહું છું તો દરેકના પેટમાં.'

'માળા જુઠ્ઠા, દરેકના પેટમાં તો ભૂખબાઈ રહે છે. તું વળી ત્યાં ક્યાં ઘર કરી બેઠો?'

'અલ્યા, હું આવું એટલે ભૂખબાઈ મૂઠીઓ વાળીને નાસે. અમારા એનાં રહેઠાણ એક, પણ અમે એક બીજાનો પડછાયો ન લઈએ.'

'કહો વિશ્વજિત, આ ખરું કે નહિ. સંતોષ હોય ત્યાં ભૂખ હોય ખરી?'

'ખરી વાત, ભૂખ અને સંતોષને ઊભેય બને નહિ.' વિશ્વજિતે ધીમે સાદે હા ભણી.

પછી તો હું સોડ તાણીને સૂતો. ત્યાં તો બીજા પહોરે એક ફરતારામ આવી ચડયા. 'અલ્યા, કોણ છે તું? ક્યાંથી ટપકી પડયો?'

'હું છું કામ. માનવીની આંખમાં લાજ આવીને ભરાઇ, એટલે મારે નીકળી જવું પડયું.'

'અલ્યા, પણ આંખમાં તો લાજ રહે એમાં વળી તું ક્યાં પેંધો પડયો?'

'કેમ, માનવીની આંખમાં કામ વ્યાપે ત્યારે લાજ શરમ રહે ખરી?'

'ના, એ તો ન રહે.' વિશ્વજિતે કહ્યું.

પછી મેં આંખ મીંચવા પ્રયત્ન કર્યો. ત્યાં તો ત્રીજા ભાઇસાહેબ આવી પહોંચ્યા. અલ્યા, ક્યાંથી ટપકી પડયો?'

'માનવીના દેહમાંથી' 'કોણ છે તું?'

'હું...હું તો બુઢાપો.'

'ચાલ, ચાલ જુઠ્ઠા, માનવીના દેહમાં તો જુવાની રહે છે. તું વળી ક્યાંથી ત્યાં પેઠો!'

'ભાઇસા'બ, એની જુવાની ત્યાંથી નીકળી જશે ત્યારે હું ત્યાં રહીશ. જુવાની હોય ત્યાં સુધી મારો ગજ વાગતો નથી. ત્યાં સુધી મારે તો આમતેમ આથડવાનું જ.'

'કેમ વિશ્વજિતજી, વાત તો ખરીને?'

'હા વાત તો સાચી.'

'અને પાછો હું તો સોડ તાણીને સૂતો. પણ મને નિરાંતની ઊંઘ લેવા જ ન દીધી. ચોથો પહોર થયો અને ચોથી વ્યક્તિ આવી ચડી. મેં ધીમે સાદે પૂછ્યુંઃ આપ કોણ છો?'

'હું...હું...ક્રોધ.'

'હં, નામ જેવું જ રૂપ કર્યું છે.'

'હમણાં રહેવાનું ક્યાં રાખ્યું?'

'સૌના મનમાં.'

'જુઠ્ઠા, મગજમાં તો શાંતિ રહે છે.'

'હા, એ પણ રહે છે. પણ એ શાંતિ હોય ત્યારે હું નહિ અને હું હોઉં ત્યારે એ નહિ.'

'હા, સાવ સાચું.' વિશ્વજિતે હા ભણી.

'ત્યારે તો આપ હાર્યા ને !'

'હા, હાર્યો.' વિશ્વજિતે જવાબ આપ્યો.

'શરત પ્રમાણે ?' એક ઉતાવળા પંડિતે કહ્યું.

કાશીરાજે વાત ઉપાડી લેતાં કહ્યું: 'શરત પ્રમાણે તો વિશ્વજિતના કપાળમાં ધગધગતા શળિયાનો ડામ દેવાનો છે. પણ એ માનવતા વિહોણું કાર્ય વારાણસીની વિદ્વદ્દસભાને ન શોભે. એ હાર્યા છે એ કબૂલ કરે છે. એ ડંખ, એ વેદના જ એમના માટે બસ છે.'

ત્યારે સભામાંથી વારાણસીનગરીની વિદ્વદ્દસભાનો જયઘોષ ઊઠયો. તે દિવસે વિશ્વજિત ધીમે પગલે ઉજ્જયિની તરફ ચાલી નીકળ્યો. વારાણસીનગરીના આ અનુભવે એને એ સમજાવી દીધું કે જ્ઞાન તો અગાધ છે. એનો ગર્વ કરવો નકામો છે.

★

'બુદ્ધિપ્રભા'નો આગામી અંક

'જન્મ કલ્યાણક'

વિશેષાંક બહાર પાડવાનો હોવાથી,

એપ્રિલનો અંક તા. ૨૪-૪-૧૯૬૪ ના

પ્રગટ થશે.

ગોપાલદાસ મોદી

# ભૂખ અને ભીખ

આ માસની સત્ય કથા

મંગળદાસ દલાલ મલાડ રહે અને કરિયાણા બજારમાં દલાલી કરીને મહિને સરેરાશ ત્રણસોની આવક ઊભી કરી લે. એક સાંજે તે બજારમાં મળી ગયા. વાતો કરતાં અચાનક એ એક હાથે મારો હાથ પકડીને અને બીજે હાથે પોતાની આંખો દબાવીને રસ્તા પર બેસી ગયા. બાજુની દુકાનમાંથી પાણી અને પંખો મંગાવીને એમની આંખે પાણી છાંટયું અને એમને પંખો નાખ્યો. થોડી વારે સ્વસ્થ થયા એટલે એમને હું નાકા પરની હોટલમાં ગરમાગરમ કોફી પાવા લઈ ગયો.

'કેમ, મંગળદાસ, તબિયત બરાબર નથી કે શું? થોડી ઓછી દોડ દોડ કરતા હો તો!' કોફી પીતાં પીતાં મેં કહ્યું.

'તબિયત તો બરાબર છે, ભાઈ! છેક મલાડ રહેવું. સવારે નવ વાગ્યે જમું; પછી રાતે ઘેર પહોંચીને ફરી જમવા પામું ત્યાં નવ તો સહેજે થઈ જાય છે. આમ બાર કલાકે ખાવાનું મળે અને દલાલીના ધંધામાં આખો દિવસ હડિયાપાટ રહે. એટલે હમણાં હમણાં કોઈ વખત સાંજે ભૂખના ચક્કર આવી જાય છે.'

'પણ તો બપોર પછી અહીં થોડો નાસ્તો કરી લેતા હો તો?'

'પહેલાં કરતો. હું તથા તમારા જેવા બીજા એકાદ બે મિત્રો સાથે હોય એટલે સહેજે રોજ રૂપિયો બે રૂપિયા ખરચ થઈ જતો. હમણાં બે વરસથી બંધ કર્યો છે. હવે બે વખત ઘેર જમવા સિવાય વચ્ચે કશું જ લેતો નથી.'

'ઓહો! ત્યારે તો તમે રોજનો રૂપિયો બચાવી ધન ભેગું કરો છો એમ કહોને!' મારાથી હસી દેવાયું.

'ના હકીકત જુદી જ છે. તમને કહું, તો તમે માનો નહિ અને મશ્કરી કરો. માટે જવા દો……'

'ના, મંગળદાસ મશ્કરી નહિ કરું. જે હોય તે જરૂર જણાવો.'

'તો લ્યો, સાંભળો. બે વરસ પહેલાં આ જ હોટલમાંથી નાસ્તો કરીને અમે ત્રણ મિત્રો બહાર નીકળતા હતા.

ગલ્લા પર બિલના બે રૂપિયા ચૂકવ્યા. બહાર ફૂટપાથ પર એક ચીંથરેહાલ ભિખારણ નાગાંપૂગાં નાના છોકરાંઓ સાથે ઊભી હતી. એક બાળક મારી પાછળ પડયું. પૈસા આપવાની મેં ના કહી છતાં એણે મારો પીછો છોડયો નહિ. ક્રોધમાં મારાથી એને ધક્કો મરાઈ ગયો. બાળક પડી ગયું. ત્યાં તો ભિખારણ દોડી અને પડેલા બાળકને ટીપી નાખતાં બોલીઃ "રોવા અભાગિયા! શેઠ તો ઘેર બે ટંક પેટ ભરીને જમે છે તો યે હોટલમાં બબ્બે રૂપિયા ફેંકી દે છે. તને આલવા હારૂ આનો બે આના ઈ કાઢે કયાંથી" બસ થઈ રહ્યું. ભિખારણનું એ એક વાકય કાળજે ચોંટી ગયું. જીવ બળી રહ્યો. દિલ ડંખી રહ્યું, આત્મા રડી રહ્યો. મનમાં થયું કે હું બે વખત ઘેર જમવા ઉપરાંત બહારનું પણ આટલું બધું ખાઉં છું, જ્યારે મારા જ દેશબાંધવો બે ટંક જમવાનું તો બાજુએ રહ્યું, પણ દિવસ આખામાં કાચુંકોરૂં, અરે, થોડો એંઠવાડ પણ પામતા નથી! ત્યારથી હું મને પોતાને કોઈ ગુનેગાર જેવો જણાવા લાગ્યો. મને થયું કે આ દેશમાં બે ટંક જમવા ઉપરાંત બહારનું ખાવામાં પૈસા વાપરવા એ આત્મા અને પરમાત્મા બન્નેનો ઘોર દ્રોહ કરવા બરોબર છે. હવે સાંજે ભૂખને કારણે કોઈક વખત ચક્કર આવી જાય તો પણ મક્કમતાથી મનને મારીને એક આનાનાં શિંગચણા લઈને ખાવાની ઈચ્છાને પણ રોકી રાખું છું અને તેથી જ ખાલી પેટે મારા દેશના દરિદ્રનારાયણો અને મારો નારાયણ બંનેની યાદ દિલમાં તાજી રહે છે.

'પણ આમાં તો તમારા પૈસા બચ્યા. ભૂખ્યાઓને શું લાભ?' મંગળદાસને હું એમ છોડું તેમ ન હતો.

'ધીરા ખમો ભાઈ, એ પણ કહું છું. પરમાત્માની એ પ્રાર્થના અને દરિદ્રો માટેની એ દાઝમાંથી થોડું એવું સત્કાર્ય પણ રોજ જાણે-અજાણ્યે થઈ જાય છે. ચાર-ચાર આનાના નાસ્તાનાં ચાર પડીકાં બંધાવીને હંમેશ ભિખારીઓને વહેંચી આપું છું. તમને મળ્યો ત્યારે એ કામ પતાવીને જ બજારમાં પાછો ફરતો હતો. ભિખારીઓના હાથમાં નાસ્તાનાં પડીકાં પડતાં એમની આંખોમાં ઊભરાતો આનંદ નિહાળીને મારી ભૂખ તો કયાંય ભૂલાઈ જાય છે. અને ખરૂ પૂછો તો એને લીધે જ રાતે જમતી વખતે પેટમાં કંઇક પડે ત્યાં સુધી નારાયણના નામનું રટણ અને વળતે દિવસે દરિદ્રનારાયણોને ફરી પડીકાં આપવાની અદમ્ય ઝંખના હૃદયમાં રમ્યા કરે છે.'

કોફીના આઠ આના તો એમના ઘણા આગ્રહ છતાં મેં એમને આપવા ન દીધા. પણ ત્યારે પણ એમણે પોતાના આઠ આનાનાં બે પડીકાં તો બંધાવી જ લીધાં અને સામે મળેલા બે ભિખારીઓને એ આપી દીધા!

★

# જૈન વિદ્યાર્થી જગત

સંપાદક:—
**શ્રી ભગવાન શાહ**

શ્રી ગુણવંત શાહ મારા અંગત અને ખાસ મિત્ર છે. તેમની સતત ટકોર અને પ્રેરણાથી હું આજ સાહિત્ય જગતમાં પા પા પગલી ભરું છું. આ વિશાળ દુનિયામાં હું તો આજ ચાલણગાડી લઇને ચાલતો માત્ર નાનો બાળક છું.

જૈનધર્મ તેમ જ જૈન સાહિત્યનો હું ઊંડો અભ્યાસી નથી, થોડું ઘણું હું જે કંઈ જાણું છું તે માત્ર વાચન અને થોડાક અભ્યાસીઓના પરિચયથી જ.

આ વિભાગમાં હું કંઈ શાસ્ત્રીય અભ્યાસ કરાવી શકું તેમ નથી. જૈનધર્મ સમાજ સાહિત્ય તેમ જ તેના ઇતિહાસની ઊડતી માહિતી હું આપી શકું તેમ છું. આવી એક ચોખવટ સાથે મેં આ વિભાગ ચલાવવાનું સ્વીકાર્યું છે.

વિદ્યાર્થીઓ માત્ર સુત્રોનો અભ્યાસ કરે એ હવે પૂરતું નથી. એ અભ્યાસ ઉપરાંત તેની પાસે જૈનધર્મનું, તેના ઇતિહાસનું, તેના સમાજ અને સાહિત્યનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી છે. આ વિભાગમાં જૈન વિદ્યાર્થી ભાઈ—બ્હેનોનું તેવું સામાન્ય જ્ઞાન વધે તેવી સામગ્રી આ માસથી નિયમિત આપતો રહીશ.

હું આશા રાખું છું વિદ્યાર્થી દોસ્તો પણ મને આ વિભાગને સમૃદ્ધ કરવા સાથ આપશે.

(•)

**બુદ્ધિપ્રભાના માનવંતા વાંચકો જોગ,**

તમારા સૌની કુશળતા ચાહું છું.

'**બુદ્ધિપ્રભા**' માં '**જૈન વિદ્યાર્થી જગત**' નો એક નવિન વિભાગ શરૂ કરતાં તેમજ તેનું સંપાદન **શ્રીયુત્ ભગવાનદાસ ગુલાબચંદ શાહને** સોંપતા હું આનંદ અનુભવું છું. તમે પણ તેમાં સહભાગી બનશો જ એવી આશા નકામી નહિ જાય.

આપણા સમાજના સામયિકોમાં આ જાતનો વિદ્યાર્થીઓ માટેનો એક ખાસ વિભાગ ચાલુ કરવાનો અમારો આ પ્રથમ પ્રયાસ છે. 'બાળ—વિભાગ' ઘણા ચલાવે છે. પણ આવો વિભાગ એ અમારી પહેલ છે.

પાઠશાળામાં ભણતાં વિદ્યાર્થીઓ માટે તેમ જ શિક્ષક ભાઈબ્હેનો માટે પણ આ વિભાગ અમૂલ્ય માહિતીજ્ઞાન આપનારો બની રહેશે. શ્રી સંપાદક તો તે માટે મહેનત ને શ્રમ કરશે જ. પરંતુ વિદ્યાર્થીઓએ પણ સાથ આપવાનો રહેશે. તેમના સાથથી આ વિભાગ વધુ રસમય ને જ્ઞાન સમૃદ્ધ બની રહે એ સ્વાભાવિક છે.

આ વિભાગ માટે દરેકને આમંત્રણ છે. તમારી પાસે જૈનો ગૌરવ લઈ શકે તેવી તેમ જ જૈનધર્મ—સમાજ—સાહિત્ય ને ઇતિહાસ વિષયક કોઇ પણ થોડી કે વધુ માહિતીઓ હોય તે જરૂરથી લખી મોકલવા નિમંત્રણ છે. પ્રેષકના નામ સાથે તે જરૂરથી પ્રગટ કરવામાં આવશે.

વિશેષ તો હવેથી આ વિભાગના સંપાદક જ તમારી સાથે પત્રથી વાતો કરશે.

એજ લિ. **ગુણવંત શાહ**

# દાનની ગંગા

વિ. સં. ૧૬૧૩-૧૪ અને ૧૫ ની સાલમાં હિન્દુસ્તાન પર અણધાર્યો મહાન આફત સમાન અને ભયંકર દુકાળ આવી પડયો. માનવીનાં જીવન ભયમાં મુકાયાં. રાજા-મહારાજાઓ પણ આ ભયંકર આફતમાંથી પ્રજાને બચાવવા કે ઉગારવા અસમર્થ હતા. સૌ મુંઝાઈ ગયા, કંપી ઊઠયા અને દોડાદોડ કરવા લાગ્યા. પણ મહા પુણ્યે લક્ષ્મીની ચંચળતા સમજી ગયેલ એ ધનપતિએ પોતાના ધન ભંડારો અને અન્ન ભંડારો દેશને માટે, માનવીના જીવનને માટે ખુલ્લા કરી દીધા.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતના વીસલદેવને | ૮૦૦૦ મૂડા અનાજ | ૪૦,૦૦૦ | મણ |
| ૨ | દીલ્હીના સુલતાનને | ૨૧૦૦૦ ,, | ૧૦૫૦૦૦ | ,, |
| ૩ | સિંધના હમીરને | ૧૨૦૦ ,, | ૬૦૦૦ | ,, |
| ૪ | માળવાના રાજાને | ૧૮૦૦ ,, | ૯૦૦૦ | ,, |
| ૫ | મેવાડના મહારાણાને | ૩૨૦૦૦ ,, | ૧૬૦૦૦૦ | ,, |
| | | | ૩૨,૦૦૦૦૦ | |

૧ મૂડો અનાજ=૫૦ મણ                                   મૂડા અનાજ

૩૨૦૦૦૦૦ મણ અનાજ વહેંચ્યું અને ૧૧૫ દાન શાળાઓ ખોલાવેલી.

આટલી મહાન મદદ કરનાર ભવ્ય માનવી તે બીજા કોઈ નહિ પણ જૈન દયાપ્રેમી "શ્રી જગડુશાહ"

પ્રેષક—કુમારપાળ વી. શાહ.

બીજાપુરવાળા

# ચોવીસ તીર્થંકર ભગવંતોની

## બોલતી તારીખો

| અનુ. નં. | જન્મ | દીક્ષા | કેવળજ્ઞાન | નિર્વાણ |
|---|---|---|---|---|
| ૧ | ચૈત્ર વદ ૮ | ચૈત્ર વદ ૮ | ફાગણ વદ ૧૧ | મહા વદ ૧૩ |
| ૨ | મહા સુદ ૮ | મહા વદ ૮ | પોષ વદ ૧૧ | ચૈત્ર સુદ ૫ |
| ૩ | ,, ૧૪ | માગસર સુ. ૧૫ | કારતક વદ ૧૧ | ,, |
| ૪ | ,, ૨ | મહા સુદ ૧૨ | પોષ વદ ૧૪ | વૈશાખ સુદ ૮ |
| ૫ | વૈશાખ સુદ ૮ | વૈશાખ સુદ ૯ | ચૈત્ર સુદ ૧૧ | ચૈત્ર સુદ ૯ |
| ૬ | કારતક વદ ૧૨ | કારતક વદ ૧૩ | ,, ૧૫ | માગસર વદ ૧૧ |
| ૭ | જેઠ સુદ ૧૨ | જેઠ સુદ ૧૩ | ફાગણ વદ ૬ | ફાગણ વદ ૭ |
| ૮ | પોષ વદ ૧૨ | પોષ વદ ૧૩ | ,, ૭ | ભાદરવા વદ ૭ |
| ૯ | માગસર વદ ૫ | માગસર વદ ૬ | ફાગણ સુદ ૩ | ભાદરવા સુદ ૯ |
| ૧૦ | મહા વદ ૧૨ | મહા વદ ૧૨ | પોષ વદ ૧૪ | વૈશાખ વદ ૨ |
| ૧૧ | ફાગણ વદ ૧૨ | ફાગણ વદ ૧૩ | મહા વદ ૩ | શ્રાવણ વદ ૩ |
| ૧૨ | કારતક વદ ૧૪ | ફાગણ સુદ ૧૫ | મહા સુદ ૨ | અષાઢ સુદ ૧૪ |
| ૧૩ | મહા સુદ ૩ | મહા સુદ ૪ | પોષ સુદ ૬ | ,, વદ ૭ |
| ૧૪ | વૈશાખ વદ ૧૩ | વૈશાખ વદ ૧૪ | વૈશાખ વદ ૧૪ | ચૈત્ર સુદ ૫ |
| ૧૫ | મહા સુદ ૩ | મહા સુદ ૧૩ | પોષ સુદ ૧૫ | જેઠ સુદ ૫ |
| ૧૬ | જેઠ વદ ૧૩ | જેઠ વદ ૧૪ | ,, ૯ | જેઠ વદ ૧૩ |
| ૧૭ | વૈશાખ વદ ૧૪ | ચૈત્ર વદ ૫ | ચૈત્ર સુદ ૩ | વૈશાખ વદ ૧ |
| ૧૮ | માગસર સુદ ૧૦ | માગસર સુદ, ૧૧ | કારતક સુદ ૧૨ | માગસર સુદ ૧૦ |
| ૧૯ | ,, ૧૧ | ,, | માગસર સુદ ૧૧ | ફાગણ સુદ ૧૨ |
| ૨૦ | જેઠ વદ ૮ | ફાગણ સુદ ૧૨ | ફાગણ વદ ૧૨ | જેઠ વદ ૯ |
| ૨૧ | શ્રાવણ વદ ૮ | અષાઢ વદ ૯ | માગસર સુદ ૧૧ | વૈશાખ વદ ૯ |
| ૨૨ | ,, સુદ ૫ | શ્રાવણ સુદ ૬ | અષાઢ વદ ૦)) | અષાઢ સુદ ૯ |
| ૨૩ | પોષ વદ ૧૦ | પોષ વદ ૧૧ | ચૈત્ર વદ ૪ | શ્રાવણ સુદ ૮ |
| ૨૪ | ચૈત્ર સુદ ૧૩ | માગસર વદ ૧૧ | વૈશાખ સુદ ૧૦ | કારતક વદ ૦)) |

[ આગામી 'મહાવીર જન્મ કલ્યાણક' વિશેષાંકમાં વાંચો ભગવાન મહાવીર સ્વામીની સંપૂર્ણ ને સંક્ષિપ્ત માહિતી જેમાં જન્મ–દીક્ષા–કેવળજ્ઞાન તેમજ નિર્વાણ તીથી સિંવાય. ચ્યવન તીથી, કયાંથી ચવ્યા, જન્મ સ્થળ, જન્મ નક્ષત્ર, જન્મ રાશી, લંછન, શરીર પ્રમાણ, આયુષ્ય, દેહ, રંગ, ભવ સંખ્યા, દીક્ષા સ્થળ, દીક્ષા કયા ઝાડ નીચે લીધી, પ્રથમ પારણું શેનું ને કોને ત્યાં કર્યું, છદ્મસ્થકાળ, કેવળજ્ઞાન કયાં થયું. ગણધર, વૈક્રિય, વાદી, અવધિજ્ઞાની; કેવળી, મનઃપર્યવ જ્ઞાની, ચૌદ પૂર્વધારી, ચતુર્વિધ સંઘની સંખ્યા વગેરે ભરચક માહિતી આપવામાં આવશે.

# ત્રેવીસમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ

## પ્રભુના ૧૦૮ નામ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કેસરીયા | પાર્શ્વનાથ | જોરાવા | પાર્શ્વનાથ | ભટેવા | પાર્શ્વનાથ | સમીના | પાશ્વનાથ |
| કલિકુંડ | ,, | જસોધરા | ,, | ભાભા | ,, | સહસ્ત્રફણા | ,, |
| કરેડા | ,, | જીરા | ,, | ભીલમાલ | ,, | સહસ્ત્રકૂટ | ,, |
| કલ્યાણ | ,, | ઝઘડીયા | ,, | ભીડભંજન | ,, | સમફણા | ,, |
| કાપરડા | ,, | ટાંકલા | ,, | ભીલડી | ,, | સમેરીયા | ,, |
| કુર્કુટેશ્વર | ,, | ડોસલા | ,, | ભદ્રેશ્વર | ,, | શામલા | ,, |
| કુંડલપુર | ,, | દવરા | ,, | મનરંજન | ,, | સુયદંતી | |
| કંકણ | ,, | દાદા | ,, | મનવંછિત | ,, | સુરજમંડન | ,, |
| કોકા | ,, | દોલતી | ,, | મહાદેવ | ,, | સુલતાન | ,, |
| કામીકા | ,, | તીવરી | ,, | મનોરથ કલ્પદ્રુમ | ,, | સુખસાગર | ,, |
| કંબોઇ | ,, | નવખંડા | ,, | મનમોહન | ,, | સેરીસરા | ,, |
| ખામણા | ,, | નવલખ | ,, | મુંડેવા | ,, | સોગટીયા | ,, |
| ખોચામંડન | ,, | નવસારી | ,, | મુહરી | ,, | સાવલા | ,, |
| ગોડી | ,, | નવપલ્લવ | ,, | મોઢેરા | ,, | શંખલપુરા | ,, |
| ગંભીરા | ,, | નરોડા | ,, | મહીમાપુરા | ,, | શંખેશ્વર ,,<br>સાંકલા | ,, |
| ગાલ્લીયા | ,, | નાકોડા | ,, | મક્ષીજી | ,, | સેસફણા | ,, |
| ગીરવા | ,, | નવફણા | ,, | મુલતાન | ,, | સેસલી | ,, |
| ધૃતકલ્લોલ | ,, | નાગફણા | ,, | રાવણ | | સ્થંભન | ,, |
| ધીચા | ,, | નાગપુરા | ,, | રુદ્રવા | ,, | સ્વયંભુ | ,, |
| ચંપા | ,, | પલ્લવીયા | ,, | રાણકપુર | ,, | સોરઠા | ,, |
| ચારુપ | ,, | પોસલીયા | ,, | લાંધણ | ,, | અમીઝરા | ,, |
| ચોરવાડી | ,, | પરોલી | ,, | વરકાણા | ,, | અજાહરા | ,, |
| ચિંતામણી | ,, | પોસીના | ,, | વલ્લી | ,, | અજારા | ,, |
| ચેલણ | ,, | પંચાસરા | ,, | વહી | ,, | અંતરીક્ષ | ,, |
| ચંદ્ર | ,, | ફલોધી | ,, | વાડી | ,, | અવંતી | ,, |
| જગવલ્લભ | ,, | બલેજા | ,, | વિઘ્નહરા | ,, | અહીછત્રા | ,, |
| જીરાઉલા | ,, | બહી | ,, | વિજયચિંતામણી | ,, | ઉમરવાડી | ,, |

★

# ૧૦૮ નું અછેરું

પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ સ્વામિ, ભરત ચક્રવર્તિ સિવાય તેમના ૯૯ પુત્રો તેમ જ ભરત મહારાજાના ૮ પુત્રો—આ ૧૦૮ એક જ સાથે, એક જ સમયે મોક્ષે ગયા હતા. તેઓ દરેકનું શરીર પ્રમાણુ પાંચસો ધનુષ્યનું હતું. આટલા મોટા શરીરવાળા અને આટલી મોટી સંખ્યામાં એક જ સમયે મોક્ષે જવાથી તે પ્રસંગ તે સમયનું આશ્ચર્ય મનાય છે.

---

# ઘડીયાળના કાંટે

## કયુ પચ્ચક્ખાણુ કયારે કરવું તેની સમજ આપતુ

### સરળ સમય પત્રક

| પચ્ચક્ખાણુ | ૧૦ માર્ચથી ૧૫ માર્ચ | | ૧૬ માર્ચથી ૩૧ માર્ચ | | ૧ એપ્રિલથી ૧૦ એપ્રિલ | |
|---|---|---|---|---|---|---|
| | ક. | મિ. | ક. | મિ. | ક. | મિ. |
| નવકારસી | ૭ | ૫૨ | ૭ | ૩૮ | ૭ | ૨૨ |
| પોરિસિ | ૯ | ૫૯ | ૯ | ૫૦ | ૯ | ૩૯ |
| સાઢ પોરિસિ | ૧૧ | ૨૬ | ૧૧ | ૨૦ | ૧૧ | ૧૨ |
| પુરિમુદ્ધ | ૧૨ | ૫૫ | ૧૨ | ૫૩ | ૧૨ | ૪૯ |
| અવદ્ધ | ૩ | ૪૮ | ૩ | ૪૯ | ૩ | ૪૯ |
| સૂર્યોદય | ૭ | ૪ | ૬ | ૫૦ | ૬ | ૩૪ |
| સૂર્યાસ્ત | ૬ | ૪૨ | ૬ | ૪૮ | ૬ | ૩૪ |

સવાસો માઈલ ફરતાં પાંચ મિનિટ ઉમેરી સમય ગણુવો.

( સમય અમદાવાદનો ગણુવો )

# ગીત મંજૂષા

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

સંકલન

પ્રકૃતિના સૌન્દર્ય તત્ત્વોમાં સાગરનું સૌન્દર્ય એક વિશિષ્ઠ સ્થાન ધરાવે છે. તેનામાં સૌન્દર્યનું વૈવિધ્ય છે. તે કદી રૂદ્ર દેખાય છે તો કદી તે સૌમ્ય. કદીક તે ઉત્સાહથી ઉછળતો જણાય છે તો કદી લાંબે પડખે સૂઈ ગયેલો આળસુ ને જડથૂસ્ત ! કદીક એ સંગીતની ધૂનમાં મસ્તરામ બની બેઠેલો દેખાય છે તો કદીક તે યોગ સમાધિમાં પડેલો જણાય છે. કદીક એ મસ્તાનો ફકીરના વેષમાં હોય છે તો કદીક એ ચિંતાના ભારથી થાકી ગયેલા મુસાફરના વેષમાં હોય છે. કવારેક દિલ ધડકાવી નાંખે તેવો ભયાનક હોય છે તો કદીક તે એવો નાના બાળક જેવો હોય છે કે જાણે તેને લાંબા પગ કરી તેના પર તેને સુવાડીને રમાડયા કરીએ.

જીવન પણ એક સાગર જ છે ને ? ધર્મશાસ્ત્રો તો જીવનને ભવસાગર જ કહે છે ને ? અને એ ખોટું પણ નથી. જીવન પણ વિવિધ સૌન્દર્યથી જ સભર છે.

અને માનવી તો ભવસાગરમાં ઉછળતું એક મોજું છે. ઉત્સાહમાં એ ઉછળે છે. ઉકળાટમાં એ પડછાય છે, સાગરના મોજાની જેમ સ્તો.

પરંતુ બધા માનવ કંઈ સાગરના મોજા જેવાં નથી હોતા. સાગરનું મોજું તો પછડાય છે, ભાંગીને ભૂક્કો થઈ જાય છે તો પણ ફરીને બળ ભેગું કરીને એ ઊંચે ચડે છે. દોટ મૂકે છે. પથ્થર સાથે બાથ ભીડે છે અને અવિરત શ્રમ કરતાં એ આગળ વધે છે. રાહમાં ઉભેલા ખડકને પણ એ ધોઈ નાંખે છે ને આગળ ધપે જ જાય છે.

મોજાનું જીવન સદાય જાગૃત છે. ચેતનમય છે. તેનામાં નિરાશા નથી. પરાજયની પથારી નથી.

બધા માનવ મોજાઓનું કંઈ આવું નથી. નિરાશાના એક જ ખડક સાથે અથડાતાં એ ભાંગીને ભૂક્કો થઈ જાય છે. લમણે હાથ દઈને બેસી જાય છે. જીવનમાંથી આશા જ ગુમાવી દે છે. હિંમત પણ ખોઈ બેસી છે.

એવા નાહિંમત ને નિરાશ, આળસુને જડથૂસ્ત, બેદિલ ને બાવરા માનવોને પ્રેરણા આપતા જાણે ગુરુદેવ કહે છેઃ—

" એ રાત કાળી લાંબી તે, ક્ષણ ક્ષણ વિષે દૂર થશે,
થાશે અરે ! વ્હાણું મજાનું, સૂર્ય ઊંચો આવશે. "

# હરિગીત.

મુખ રાંકડું, મન દિલગીરી,
કરીને અરે! દુઃખડાં લહે;
થાશે થવાનું જે હશે તે,
પૂર્વથી તું શું ચિંતવે?
છાયા પછી તડકો અને,
તડકા પછી છાયા થતી;
આ જિંદગીમાં જે બને તે,
વેદવું આનંદથી. ૧

સત્કાર દે આવેલને, જાનારને વળાવજે;
તવ આંખ આગળ જે બને તે જોઈ લે સમભાવથી;
ધડકાવ નહિ નિજ દીલને, ભીતિ ખસેડી દે હવે,
ચીરે હૃદયને ગર્જના તે, ગર્જનાને તું ચીરજે. ૨

સંકલ્પનો નિશ્ચય કરી,
નિજ કાર્યમાં લાગી રહી,
તું દેખીને ડર ના જરા,
એ શત્રુઓ થંભી જશે,
નિષ્કામ પ્રેમે ચાલતું,
આગળ બને તે જોઈ લે;
તવ આત્મ બળથી દુઃખનાં,
વાદળ સહુ વિખરી જશે. ૩

બાંધ્યા અરે! જે બંધનો તે, ગર્જવને આલમ બધી,
તોડી દે ઝટવારમાં, શ્રી વીરનાં વચનો વડે;
પરતંત્ર થઈ જીવો પડયા, સોના સમી આ જિંદગી,
તેના અરે! દુઃખો ટાળજે, મેલી કરીશ ના તું મૂળથી. ૪

બીવરાવતાં જે ભૂતડાં, તેથી હવે તું બ્હી નહીં,
બીતો નહિ, બીવરાવ નહિ, નિજ કાર્ય કરજે હોંશથી;
એ રાત કાળી લાંબી તે, ક્ષણ ક્ષણ વિષે દૂર થશે;
થાશે અરે! વ્હાણું મજાનું, સૂર્ય ઊંચો આવશે. ૫

ધાર્યું ભલું પૂરું થશે ને,
લોક સઘળાં જાગશે,
તે જાગીને અધ્યાત્મનું,
નિજ કાર્ય કરશે ભાવથી,
વ્હાણું થતાં વાર જ નથી,
ધીરજ ધરી લે દિલમાં;
"બુદ્ધ્યબ્ધિ" અભ્યુદય રવિ,
ઝટ જોત જોતાં ઊગીયો. ૬

[ રચના સમયઃ—વૈશાખ વદ ૧૩, સં. ૧૯૬૮, વડતાલ ]

# ગુમરાહ

આગમ કથા

———જયકુમાર શાહ

'ઉત્તરાધ્યયન સૂત્ર'ના આધારે

સુમતિ આચાર્ય વસંતપુરમાં ચોમાસું કરતા હતા. તેઓ વિશુદ્ધ ચારિત્ર્યધારી, ઉગ્ર તપસ્વી અને સિદ્ધહસ્ત વકતા હતા.

જૈનો તેમજ જૈનેતરો પણ તેમની અમૃત વાણીનો લાભ લેવા નિયમિત આવતા હતા. કહેવાય છે કે દેવતાઓ પણ કદીક કદીક આવતા હતા.

તેમાંની એક અન્ય દર્શનીય દેવી તેમની પાસે રોજ આવતી હતી. આ દેવીનું સ્થાનક જો કે બ્રાહ્મણોના લત્તામાં હતું. છતાંય આચાર્યશ્રીના ચારિત્ર ને તપથી ખૂશ થઈ તે તેમની પૂજારણ બની હતી.

તે આચાર્યશ્રીને રોજ વંદન કરતી અને પૂછતીઃ—"મહારાજ! મારા સરખું કંઈ કામ છે? હોય તો મને કહો."

પણ આચાર્યશ્રી નિષ્કામ કર્મયોગી હતા. તેમને કદી તેનું કામ પડતું નહિ.

પરંતુ એક દિવસે આપો આપ કામ પડી ગયું.

આચાર્ય મહારાજને માસખમણનું પારણું હતું. ગોચરી માટે તેમને એક ધનાઢ્ય શ્રાવકે આગ્રહ ભરી વિનંતી કરી હતી. આથી તેઓ ગોચરી માટે જઈ રહ્યા હતા.

તેમનો જવાનો રસ્તો બ્રાહ્મણવાડામાંથી જતો હતો. આથી તેઓ એ રસ્તે વળ્યા.

બ્રાહ્મણવાડામાં એક જૈન શ્રમણને જોઈ ત્યાં વસતાં બ્રાહ્મણો ઉશ્કેરાઈ ગયાં. જાણે તેમનાં હોમ–હવનમાં હાડકું પડયું !!

બ્રાહ્મણ યુવાનો આચાર્યશ્રીને જોતાં જ જોત જોતામાં ભેગાં થઈ ગયા. અને યુવાન ટોળું એટલે પૂછવું શું ? અને તેમાં આ તો તેમની મશ્કરીનો શિકાર હતો.

યુવાનોએ તુરત જ ઠઠ્ઠા-મશ્કરી શરૂ કરી દીધી. સીધી ને આડકતરી રીતે આચાર્યશ્રીને ગાળો દેવા માંડી. કોઈનું ચાલ્યું તેમણે કાંકરી મારી. કોકે ધૂળ ઉડાડી. કોકે ધક્કો માર્યો. અને થોડીવારમાં તો હોહા થઈ ગઈ.

નાના મોટા બધા જ ધીરે ધીરે ભેગા થઈ ગયા. બધાએ ભેગા મળીને આચાર્યશ્રીનું અપમાન કર્યું. પણ શબ્દોના એ અપમાનથી આચાર્યશ્રી મૌન રહ્યા ત્યારે કોકે હાથ ઉગામ્યો. પછી તો પૂછવું જ શું? કોકે પાટુ માર્યું. કોકે ગુમ્બો માર્યો.

આચાર્યશ્રી હવે અકળાઈ ઉઠયા. તેમણે પણ સામો પ્રતિકાર કર્યો. ગાળ દેનારને ગાળ આપી. પાટુ મારનારને પાટુ. ઘડીવારમાં તો ઘોંઘાટ, હોહા ને ગાળોના શબ્દોથી આખો વાડો ઊભરાઈ ગયો.

આ ધમાલમાંથી આચાર્યશ્રી માંડ માંડ બહાર નીકળ્યા. તેમના આ અપમાનથી તે ધુંઆફુંઆ થઇ રહ્યા હતાં. ગુસ્સાથી તેમનું આખું શરીર લાલચોળ થઈ રહ્યું હતું. આંખોમાં તો વેરનો અગ્નિ ભડકે બળતો હતો.

એવા જ ગરમ મુડમાં હતાં ત્યાં દેવી તેમને વાંદવા આવી.

આચાર્ય તો તુરત જ બોલી ઉઠયાઃ—"અરે! તું તે દેવી છે કે કોણ? તારા જ વાડામાં આજ મારું અપમાન થયું ને તું ચૂપ રહી. જા, હમણાં જ જા. ને મારું અપમાન કરનાર એ દુષ્ટોને તું શીક્ષા કર."

દેવી બોલીઃ—"પૂજ્ય ભગવંત! મને માફ કરો. તમારું અપમાન થયું ત્યારે હું ત્યાં જ હતી. વાડામાં ઘોંઘાટ ને હોહા સાંભળી હું તુરત જ હાજર થઇ હતી.

પરંતુ કોણ કોને ગાળો દે છે તે મને સમજાયું નહિ. તમને પણ મેં જોયા હતા. પરંતુ તમે ય ગુસ્સામાં બેફામ બોલતા હતાં.

અને સાચું કહું મહારાજ! હું તો તમને દયાળુ, ક્ષમાવીર, ધૈર્યવીર સમજતી હતી. જૈન શ્રમણો તો સહનશીલ હોય એ મેં તમારા મોંએથી જ સાંભળ્યું હતું.

પરંતુ ત્યાં તો કોઇ જ સહનશીલ નહતું. તમારા ઉપદેશ ને તમારા આચારને ત્યાં જુદો પડતાં જોયાં. આથી હું મૌન બનીને ઊભી રહી.

પૂજ્ય ભગવંત! મારા અપરાધ માટે હું ક્ષમા માંગું છું."

દેવીની આ નિખાલશ વાતથી આચાર્યશ્રી તો ઠંડા જ થઇ ગયાં. પરંતુ તેથી તે કંઇ ગુસ્સે ન થયાં.

કારણ એ થોડીક ક્ષણો માટે જ રસ્તો ભૂલ્યા હતા. પરંતુ દેવીની આ વાતથી એ ભૂલ્યા રાહથી પાછા વળી ગયાં.

દેવીને તેમણે આશીર્વાદ આપ્યાં અને પોતાના એ પાપ માટે તેમણે પ્રાયશ્ચિત કર્યું.

# रत्न दीप

कुछ चारका समय था।

अवधूतकी वह सुबह थी। वह अपने आपकी खोजमें, आँखे मूंदके पद्मासनमें स्थिर हो गया। खोजकी रफ्तारमें उन्होंने देखा तो सामने अपना गुरु दीखाओ दीया।

पूज्य सुखसागरजी महाराज। आपने कुछ बरसों पहेले इस दुनिया छोड़ दी थी।

गुरुको देखते ही विनयी शिष्य उठ खड़ा हुआ। सादर वंदनाकी और सेवाकी आज्ञा मांगी।

गुरुने अपने शिष्यको जींदगीकी सुधार और विकासके लिए तेर तत्त्वों पर बहुमूल्य उपदेश दीया और अंतर्ध्यान हो गये।

गुरुने कहा। शिष्यने लिखा। एक दिन वह 'गुरुबोध' नामका ग्रंथ बन गया। यह ग्रंथ नव संस्करण होकर शीघ्र प्रकाशीत होनेवाला है। यह ग्रंथकी आत्मा तो वही रहेगी लेकिन उनका कलेवर बदला जायगा। नये रूपमें, नये ढंगमें, नाम में भी वह नया रहेगा।

जो 'गुरुबोध' था अब वह *रत्नदीप* बन जायगा। गुजराती भाषामें था और वही भाषामें ही रहेगा।

आप यह ग्रंथ अवश्य पढ़ना। इसमें नई राह है, नई रोशनी है। —संपादक।

पतिव्रता स्त्रीकी कूखमें ही तीर्थंकर और महात्माओंका जनम होगा। हम देखेंगे तो हमे मालुम होगा कि आज तक जो महात्मा हुए हैं वे सब पतिव्रता स्त्रीकी कूखसे ही हुआ है। आज जो वे होते हैं और जो कल होनेवाला है वे सभी ऐसी पतिव्रता स्त्रीकी गोदसे ही होगा।

हम यदि किसी स्त्रीको पतिव्रता कहते हैं तो वह खूशीकी मारी झूम उठती है। लेकिन वह जो उनका धर्म (पतिधर्म) का पालन न करती हो तो क्या वह पूण्यमयी कहलायेंगी ?

कई ऐसे मर्द हैं जो अपनी बीबीको पतिव्रता धर्मका पालन करानेके लिए उसे पडदानशीन रखते हैं। पर इस धर्मका पालनके लिए पडदा सही साधन नहि है। पडदा होते हुए भी कई स्त्री अपने धर्मसे भ्रष्ठ होते हुए हम देखते हैं।

याद रहें, ज्ञानसे पतिव्रता धर्मका पालन हो शकता हैं। अपनी बीबीको पड़दानशीन करके और उनका दम घोंटनेसे, उनके दिलमें उठती वासनाओंको आप थाम नहि शकेंगे। इस लिए तो संस्कार Education ही एक साधन है। स्त्रीको कन्या कालमें जो पतिधर्मकी शिक्षा दी जाय तो वह जरुर अपने पतिको इज्जत करेगी और सेवा भी।

कई मर्द एसे भी हैं जो अपनी बीबीको, अपने आपको खूश मनानेके लिए तंग करते हैं। चाहे वह क्यों न कितना बदचलन हो ? पर उसकी कोई परवाह नहि। मर्दकी ऐसी बेतुकी बातोंका वह कैसे स्वीकार करेगी ? यदी राजा दुष्ट और पापी हो तो क्या उनकी प्रजा उनहें इश्वर माननके लिए तैयार हो जायेगी ? वैसे ही औरत अपने बदचलन और आवारा पतिको खुदा क्या मान लेगी ? जवाब साफ है। हरगीज नहि।

यदि मर्द अपने आपको खुदा समझ कर पूजा कराना चाहता हो तो उन्हे खुदाके काबिल बनना चाहिये। यहाँ खुदाका मतलब बड़ा समझना चाहिये। अर्थ जो अल्ला, तीर्थंकर व. होता है वह नहि।

कंई एसे भी हैं कि जो अपनी बीबीको, जब कि वह खुदाकी इबादतमें बेठी हो तब वह कहते हैं कि ऐसा मत करो। तुम मेरी ही सामने बेठी रहो। मुझे ही खुदा समझ लो। मुझे ही धर्म मान लो। भोगके लिए मेरी ही आज्ञा उठाया करो। इससे तुम्हें इस लोकमें और पर लोकमें सुख मिलेगा। और तुम परवरदिगारके पास भी जा शकोंगी!

ऐसी अशुभ वासनाओंकी आज्ञा देनेका, मर्दोंको परवाना दीया गया हैं क्या? जी नहि। औरत जब आत्मोन्नति या परमार्थ कार्य करती हो और संसारके व्यवहारको बाधा न पहूंचे इस तरह अपना धर्मका पालन करती हो तब मर्दोंकी—औरतको अपने मर्दको खुदा समझना—एसी आज्ञा कभी असर नहि करेगी।

संसारके सभी मर्दोंको कहा जाता है कि बदचालसे अपनी बीबीके दिलको ठेस मत लगाना। क्योंकी जीस घरमें औरत रोती है, ठंडी आहें भरती है और बेचेन रहती है, उस घरमें न कभी शांति रहती है और न कभी उस घरकी उन्नत्ति होती है।

# શા-સ-ન-સ-મા-ચા-ર

## જ્ઞાનની પરબ

**( ટાઈટલ ૨-૩ નો પરિચય )**

**શ્રી ચીમનલાલ વાડીલાલ 'બુદ્ધિપ્રભા'**ના પેટ્રન છે. તેઓનો પરિચય અમે દીવાળી અંકમાં આપી ગયાં છીએ.

તેઓશ્રીના સ્વ. કાકા શ્રી મોહનલાલ વખતચંદના સ્મરણાર્થે તેઓ શુભ કામ કરવા ઇચ્છતા હતા. કારણ તેઓશ્રીના તેઓ પાલક પુત્ર હતા. અને અનેક ઉપકાર તેમના પર હતા.

ખંભાત, માંડવીની પોળમાં બેનોનો જે ઉપાશ્રય હતો તે જીર્ણ થઈ ગયો હતો. પૂ. સાધ્વીજી મહારાજોને એ મકાનમાં ખૂબ જ અગવડ પડતી હતી. આથી તે તેનો જીવનઉદ્ધાર માંગતો હતો.

શેઠશ્રીએ આ તક ઝડપી લીધી. અને પોતાના મોટા ભાગના ખર્ચે આ ઉપાશ્રયનો જિર્ણોદ્ધાર કરાવ્યો. અને આ ઉપાશ્રયને **'શ્રી મોહનલાલ વખત-ચંદ જૈન જ્ઞાનમંદિર'** નામ આપી સ્વ. કાકાને અંજલી આપી.

ચિત્રમાં બંડી ને ટોપી પહેરી ઉભા છે તે **શેઠશ્રી ચીમનલાલ વાડીલાલ** છે. અને બાજુમાં શ્રી વિશા પોરવાડ જ્ઞાતિના ચેતનવંતા કાર્યકર **શ્રી સુમનલાલ સ્વરૂપચંદ** ઊભા છે.

★

## શ્રીમદ્જીની સ્મૃતિમાં

**( સાણંદ )**

અત્રેના ગુરુ મંદિરની વર્ષગાંઠ નિમિત્તે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજીના પટ્ટધર શિષ્ય પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ કીર્તિસાગરસૂરિશ્વરજીની મંગળ નિશ્રામાં એક ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેમજ ફાગણ સુદ ત્રીજના મંગળદિને ભ. પદ્મપ્રભુના દેરાસરમાં અભિષેક કરવામાં આવ્યો હતો. આ નિમિત્તે શેઠશ્રી જગનલાલ ખેમચંદભાઈ તરફથી સ્વામી વાત્સલ્ય કરવામાં આવ્યું હતું. પૂજા–ભાવના અને પ્રભાવના પણ કરવામાં આવી હતી. ફાગણ વદ સાતમનાં અત્રે નજદિકના ભવિષ્યમાં ઊભી થનાર ધર્મશાળાનું શીલા-રોપણ પૂ. આ. ભગવંત શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજીના વરદ હસ્તે થયું હતું.



**ભલે લાંબી ભલે વિકટ હો ભવયાત્રા મારી,**
**ભય ના કશો સારથી હું આજ ભગવાનનો.**

—: પરિચય :—

ઉત્તર ગુજરાતમાં આવેલ કુકરવાડા ગામમાં જાન્યુઆરી માસમાં, પરમ પૂજ્ય પન્યાસ પ્રવર અનુયોગાચાર્ય શ્રી મહોદયસાગરજી ગણિવર્ય તેમજ પં. પ્ર. શ્રી સુબોધ-સાગરજી ગણિવર્ય આદિ ઠાણાની શુભ નિશ્રામાં શતાબ્દિ મહોત્સવ યોજવામાં આવ્યો હતો તે પ્રસંગે શાંતિ સ્નાત્રનો વરઘોડો નીકળ્યો હતો.

તસ્વીરમાં કંસારા બજારનાં મશહુર વેપારી **શ્રી રતીલાલ નગીનદાસના સુપુત્ર વિનોદકુમાર** રથ હાંકી રહ્યા છે ને રથમાં **અ. સૌ. લીલાવંતીબેન રતીલાલ** ભગવાનને લઇ બેઠા છે.



ઓ શનિ-મંગળના દેવતાઓ !
શાને ગાઓ તમે તોફાની ગીતો ?
જગતને ગૂંજવા છે શાંતિના ગીતો.

શેઠ શ્રી **રતીલાલ નગીનદાસ** તેમજ તેમના ધર્મપત્ની **લીલાવંતીબેને** ગ્રહ પૂજન કરીને જગત શાંતિની પ્રાર્થના કરી તે વેળાનું એક દશ્ય.



બહુ ભટક્યું ઓ મન ! તું સંસારમાં,
ઘડી તો બેસ હવે નવકારમાં.

શતાબ્દિ મહોત્સવમાં બબ્બે વખત સાધર્મિકોનું વાત્સલ્ય કરનાર બબ્બે અર્હોનું પૂજન કરનાર, રથ સારથી બનનાર શેઠશ્રી **રતીલાલ નગીનદાસ** તેમજ તેઓશ્રીનાં ધર્મપત્ની **લીલાવંતીબેન,** અષ્ટપૂજન કર્યા બાદ નવકારના જાપ જપી રહ્યા છે.



**શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિ ર્ભવતુ,**
**શ્રી બ્રહ્મ લોકસ્ય શાંતિ ર્ભવતુ.**

શાંતિ સ્નાત્ર મહોત્સવનું એક દૃશ્ય.

દાઢી પર હાથ મૂકી, ગરમ સાલ ઓઢીને ઊભેલા, '**બુદ્ધિપ્રભા**' ના આદ્ય તંત્રી તેમજ આ શતાબ્દિ મહોત્સવના ક્રિયા વિધાયક પંડિતવર્ય **શ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવી** ઊભા છે. તેમની બાજુમાં અર્ધો ખેસ ઓઢીને ઊભેલા તેમના સહ કાર્યકર **શ્રી ભરતકુમાર** છે અને તેમની બાજુમાં પંડિતજીના સુપુત્ર **શ્રી યશવંતકુમાર** ઊભા છે. આ બધાની સામી હરોળમાં શ્રીફળ લઇને ઊભા છે તેઓ **શેઠશ્રી રતીલાલ નગીનદાસ** છે.



**નથી ભગવાન તો મંદિર પણ કંઈ નથી,**
**ભલે ને પહોંચતો માનવી શનિ-મંગળ પર;**
**મહેરબાં નથી જો એ શાંતિ પણ કંઈ નથી.**

કુકરવાડાના શતાબ્દિ મહોત્સવમાં ઘણાયે સારો એવો લાભ લીધો છે. અને કર્મની નિર્જરા કરી છે.

મુંબઈ સુતર બજારમાં વરસોથી પ્રતિષ્ઠિત બનેલા **શેઠશ્રી ગોકલદાસ સાકલચંદે** પણ ગ્રહપૂજન કરીને જગત શાંતિ કરાવી હતી.

ચિત્રમાં શેઠશ્રી ગોકલદાસભાઈ તેમજ તેમનાં ધર્મપત્ની **હીરાબેન** ગ્રહપૂજન કર્યા પછી ઊભા રહેલાં જણાય છે.

બેઠેલા બે બૂલકાં એ તેમનાં ભાઈશ્રી મણીલાલના સુપુત્રો રાજેન્દ્ર અને દેવેન્દ્ર છે.

અધ્યાત્મયોગી અને અષ્ટાંગયોગી સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના શ્રમણ શિષ્યો તેમજ શ્રાવક ભકતો જોગ.

**જેઠ વદ ત્રીજ એ ગુરુદેવની સ્વર્ગારોહણ તિથિ હોવાથી તે પ્રસંગે 'બુદ્ધિપ્રભા'નો વિશિષ્ટ, દળદાર ને સમૃધ્ધ એવો 'ગુરુજયંતિ' વિશેષાંક લખો માકલો.**

—આ પ્રસંગ શ્રી ગુરુદેવ સાથેના આપના સંસ્મરણો આવશ્ય લખી મોકલો.

—આપના ગામમાં ગુરુમંદિર હોય તો તેના ફોટા મોકલી આપો.

—તેમના સાહિત્યના અભ્યાસ કરાવતાં લેખો લખી મોકલો.

—તમારી પાસે ગુરુદેવના હસ્ત લેખિત પત્રો હોય તો મોકલી આપો.

—ચિત્રકારો તેમના વિવિધ ભાવ બતાવતાં બ્લોક બની શકે તેવા એ રચી ફોટા ચિત્રી મોકલે.

—તમારી વંદના લખી મોકલો.


અહિંસા એ માનવમાત્રનો મહામંત્ર છે. તેના વ્યવસ્થિત પ્રચાર વિના સમાજનો અભ્યુદય થઈ શકે નહીં. તેમાંએ જેઓ વિષમ સંયોગોના પરિણામે ધર્મ ભૂલ્યા છે, તેમને તો અહિંસાનો મહામંત્ર અવશ્ય સંભળાવવો જોઈએ.

આ કાર્ય માત્ર શબ્દોના સ્વસ્તિક પૂરવાથી થતું નથી. તે માટે એકનિષ્ઠ બની, અખંડ-અવિરત પ્રયત્ન કરવાની જરૂર છે.

# ગુજરાતનું ગૌરવશાળી જૈન મિશન.

## પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્રચારક સભા.

જે બોડેલી અને તેની આસપાસના પ્રદેશમાં અહિંસા ધર્મનો વ્યવસ્થિત પ્રચાર કરી રહ્યું છે. અને તેનું પરિણામ ઉત્તરોત્તર સુંદર આવતું રહ્યું છે. છેલ્લાં પંદર વર્ષથી કાર્ય કરી રહેલ આ સંસ્થાનો પરિચય મેળવો અને સહકાર આપો.

જો આપણે એમ ઇચ્છતા હોઈએ કે અહિંસા ધર્મનો પ્રચાર વધે અને બીજા હજારો ભાઈઓ તેના ઝંડા નીચે આવી પોતાનું કલ્યાણ સાધે તો આ સંસ્થાને છુટા હાથે પૈસાની મદદ કરવી ઘટે છે.

બોડેલી અને તેની આસપાસના દેરાસરોની **પંચતીર્થીના** દર્શન કરવા પધારો. અને આ કાર્ય ક્ષેત્રનું નિરિક્ષણ કરો.

| મદદ મોકલવાનું ઠેકાણું : | કાર્યાલય : | માનદ્ મંત્રીઓ : |
|---|---|---|
| **શેઠ વાડીલાલ રાઘવજી** | ૪૫૭, સરદાર વી. પી. રોડ, | જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ |
| ૬૧, તાંબા કાંટા, | ૨ જે માળે, | ઇશ્વરલાલ કસ્તુરચંદ |
| મુંબઈ ૩. | મુંબઈ ૪. | સાળવી |

# " બુદ્ધિપ્રભા "

## ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર ( સેન્ટ્રલ ) રૂલ્સ ૧૯૬૦ અન્વયે
## " બુદ્ધિપ્રભા " માસિક પત્ર અંગેની માહિતિ

### ફોર્મ નં. ૪

( જુઓ રૂલ નં. ૮ )

૧. પ્રકાશન સ્થળ—C/o ધનેશ એન્ડ કું. ૧૯/૨૧ પીકેટ ક્રોસલેન, મુંબઈ–૨

૨. તેના પ્રકાશનની સામયિકતા—માસિક,

૩. મુદ્રકનું નામ—શ્રીમતી ઈંદીરા શાહ

રાષ્ટ્રીયતા—હિન્દી

સરનામું—C/o ધનેશ એન્ડ કું. ૧૯/૨૧ પીકેટ ક્રોસલેન, મુંબઈ ૨

૪. પ્રકાશકનું નામ—શ્રીમતી ઈંદીરા શાહ

રાષ્ટ્રીયતા—હિન્દી

સરનામું—C/o ધનેશ એન્ડ કું. ૧૯/૨૧ પીકેટ ક્રોસલેન, મુંબઈ ૨

૫. તંત્રી—ઈંદીરા શાહ

રાષ્ટ્રીયતા—હિન્દી

સરનામું—C/o ધનેશ એન્ડ કું. ૧૯/૨૧ પીકેટ ક્રોસલેન, મુંબઈ ૨

૬. જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણના એક ટકાથી વધારે થાપણ રોકનારા ભાગીદારો અથવા શેર હોલ્ડરોના નામ તથા સરનામા ઈંદીરા શાહ.

હું ઈંદીરા ગુણવંત શાહ આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૦–૩–૬૪

ઈંદીરા શાહ
મુદ્રક–તંત્રી–પ્રકાશક.

---

મુદ્રક અને પ્રકાશક : ઈંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : " જૈન વિજય " પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક–સુરત.

એપ્રીલ—૨૪

# જન્મ કલ્યાણક

વિશેષાંક માટે ખાસ : બુદ્ધિપ્રભા જાહેર કરે છે.

## નિબંધ હરિફાઇ અને વાર્તા હરિફાઇ

પ્રથમ ઇનામ : રૂા. ૩૧ : બીજું ઇનામ રૂા. ૨૫ ત્રીજું ઇનામ રૂા. ૧૧

અન્ય વ્યક્તિઓને પુરસ્કાર આપવામાં આવશે.

**છેલ્લી તા. ૧૫ એપ્રિલ ૧૯૬૪ : પરિણામ તા. ૧૦ જુન ૧૯૬૪**

—: સુચના :—

૧. લેખ અને વાર્તા ફુલસ્કેપ પાંચ પાનાથી વધુ ન હોવા જોઇએ.

૨. તમારી કૃતિ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે, તમારું પુરુ નામ-સરનામું લખીને જ મોકલી.

૩. લેખ તેમજ વાર્તાના સ્વીકાર-અસ્વીકાર માટે જરૂરી ટિકીટો બીડી હશે તોજ પત્રવ્યવહાર કરવામાં આવશે.

### —: નિબંધ હરિફાઇના વિષયો :—

(૧) જગત સંસ્કૃતિમાં ભગવાન મહાવીરનું પ્રદાન.

(૨) ભ. મહાવીરની સમાજકાલિન સ્થિતિ.

(૩) જગત ધર્મોનાં સંસ્થાપકોમાં ભ. મહાવીરની વિશિષ્ટતા.

(૪) મહાવીર અને બુદ્ધનો ગૃહત્યાગ : એક તુલના.

(૫) ભારતની આઝાદી ભ. મહાવીરની સદાય ઋણી રહેશે.

### વાર્તા હરિફાઇ

જૈન સૂત્રો, શાસ્ત્રો, સિદ્ધાંતો તેમજ આગમોમાં સચવાયેલી જૈન પૌરાણિક કથાઓ આધારિત ધર્મ કથાઓ; ચારિત્ર વિષયક વાર્તાઓ, તીર્થંકર તેમજ શ્રમણ ભગવંતોના જીવન પ્રસંગો, રેખાચિત્રો વિ.

**ભ. મહાવીરના જીવન-વિષયક વાર્તાઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે.**

**તમારી કૃતિ આજે જ મોકલો.**

| લવાજમ : | કાર્યાલય : |
|---|---|
| રૂા. **પાંચ** (ભારતમાં) | **બુદ્ધિપ્રભા** |
| રૂા. **સાત** (પરદેશમાં) | C/o ધનેશ એન્ડ કું. |
| | ૧૯/૨૧ પીકેટ ક્રોસલેન, |
| | મુંબઇ ૨. |



ઉપાશ્રય એ માત્ર ઈંટ-ચૂનાનું મકાન જ નથી:
શ્રમણ સંસ્કૃતિનું એ તો જીવતું સ્મારક છે.

તસ્વીરકાર:-ગોપાલ સ્ટુડીયો (ખંભાત) ★ (પરિચય માટે શાસન સમાચાર વાંચો).

કુકરવાડા



તસ્વીરકાર: શ્રી કનુ ચોકસી

રથયાત્રા.

Cover printed at Kishore Printery - Crescent Chambers, Tamarind Lane, Fort. Bombay 1